# ગૃહસ્થનો સામાન્ય ધર્મ

: સંકલન :

પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર

પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ.મ. સા. ના શિષ્યરત્ન

પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ.મ.સા.ના શિષ્ય

પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.

: પ્રકાશન :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

: આર્થિક સહકાર :

પરેશ ચંદુલાલ પંચમીઆ - ઘાટકોપર તરફથી

હ. તૃપ્તિ (મુન્ની), નિકીતા, કીના

**આવૃત્તિ - ચતુર્થ**

**નકલ - ૧૦૦૦**

**વિ. સં ૨૦૬૯**

**: પ્રાપ્તિસ્થાન :**

**મુકુંદભાઈ રમણલાલ શાહ**
એ/૫૦૪, ગાર્ડનિયા ફ્લેટ,
નૂતન નાગરિક બેંક સામે,
વસંતકુંજ પાસે, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૯

**પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ
પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૯૭

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી
મહીધરપુરા સુરત-૩

**તનિલ અમૃતલાલ વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ,
જુના પુલગેટ, પુના-૪૧૧૦૦૧.

**: મુદ્રક :**

**પ્રિંટઑલ પ્રિંટર્સ**
પરેશ ઇંડસ્ટ્રીઅલ ઈસ્ટેટ, શંકરશેઠ રોડ,
પુણે - ૪૧૧ ૦૩૭.

# ગૃહસ્થનો સામાન્ય ધર્મ

**प्रदानं प्रच्छन्नं गृहमुपगते सम्भ्रमविधिः;**
**प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः।**
**अनुत्सेको लक्ष्म्या निरभिभवसाराः परकथाः;**
**श्रुते चाऽसन्तोषः कथमनभिजाते निवसति॥**

અનન્તોપકારી શ્રી અરિહન્ત પરમાત્માએ આ અસાર સંસારથી મુક્ત બનવા ઉપદેશેલા પરમતારક સર્વવિરતિધર્મને આરાધવાનું સદ્ભાગ્ય કોઈ વિરલ જ લઘુકર્મી આત્માને પ્રાપ્ત થતું હોય છે. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ.... વગેરે સઘળાં ય પાપની કોઈ પણ જાતની પ્રવૃત્તિનો સર્વથા, જીવનની અન્તિમ ક્ષણ સુધી ત્યાગ કરી શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ જ્ઞાનાદિની આરાધના કરવા સ્વરૂપ ધર્મને સર્વવિરતિધર્મ કહેવાય છે. ભૂતકાળની કોઈ અનુપમ વિશુદ્ધ સાધના જીવને સર્વવિરતિધર્મ સ્વરૂપ શિવમાર્ગે દોરી જતી હોય છે. જે લઘુકર્મી આત્માઓને એ પરમતારક નિર્વાણ (મોક્ષ-શિવ) માર્ગે ચાલવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, તે પુણ્યાત્માઓના આનંદની કોઈ જ અવધિ નથી. આ દુઃખમય સંસારની ભયંકરતાનો ખ્યાલ આવ્યા વિના સર્વવિરતિધર્મના આરાધકોની સુખપૂર્ણતાની કલ્પના કોઈ પણ રીતે કરી શકાય એમ નથી.

આ ચારગતિમય સંસારની અસારતા સમજ્યા પછી અને એનાથી મુક્ત બનવાની ઈચ્છા થયા પછી પણ બધા જ પુણ્યાત્માઓને સર્વવિરતિધર્મની આરાધના કરવાનું સદ્ભાગ્ય

મળે જ એવો નિયમ નથી. કોઈ વાર તેવા પ્રકારની કર્મની લઘુતા થઈ ના હોય તો એવા આત્માઓને સર્વવિરતિધર્મની પ્રાપ્તિ થતી નથી. આવા સંયોગોમાં એ મુમુક્ષુ (સંસારથી વહેલામાં વહેલી તકે મુક્ત થવાની ભાવનાવાળા) આત્માઓ; જેમ બને તેમ વહેલી તકે, 'તે પરમતારક સર્વવિરતિધર્મની પ્રાપ્તિ થાય-' એવી એકમાત્ર ભાવનાથી ગૃહસ્થને ઉચિત (યોગ્ય) દેશવિરતિ, સમ્યક્ત્વ કે માર્ગાનુસારી ધર્મની આરાધના કરવા પ્રયત્નશીલ બને છે. જેમ બને તેમ જીવનમાં જેટલા પ્રમાણમાં પાપની નિવૃત્તિ શક્ય બને તેટલા પ્રમાણમાં પાપથી નિવૃત્ત બનવું-તેને દેશવિરતિધર્મ કહેવાય છે. અનાદિકાળથી સંસારના સુખ ઉપર જે તીવ્ર રાગ છે અને દુ:ખ ઉપર જે તીવ્ર દ્વેષ છે તે તીવ્રરાગ અને તીવ્ર દ્વેષના અભાવે જે દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે (સુદેવ, સુગુરુ અને સદ્ધર્મ પ્રત્યે) શ્રદ્ધા જન્મે છે તેને સમ્યક્ત્વ કહેવાય છે. અને 'ન્યાયસંપન્ન વિભવ (ધન)'; 'યોગ્ય -વિવાહ'; 'કુટુંબનું ભરણપોષણ' અને 'અતિથિસત્કાર' વગેરે શિષ્ટાચારના પાલનને 'માર્ગાનુસારિતા' કહેવાય છે. આ રીતે પોતાની યોગ્યતાનુસાર માર્ગાનુસારીપણા વગેરેની આરાધના કરી કાલાન્તરે જીવ સર્વવિરતિ(મુનિજીવન) ને પ્રાપ્ત કરે છે.

સર્વથા પાપની નિવૃત્તિ સ્વરૂપ સર્વવિરતિધર્મની અપેક્ષાએ દેશવિરતિ વગેરે ધર્મમાં પાપની નિવૃત્તિ ખૂબ જ અલ્પ પ્રમાણમાં છે. આમ છતાં રાગ-દ્વેષ અને મોહની પ્રબળતાના કારણે આત્માને પાપની આંશિક-નિવૃત્તિનો પણ પરિણામ પ્રાપ્ત થતો નથી. આવી સ્થિતિમાં તેવા જીવોને માર્ગાનુસારી-ધર્મનો

ઉપદેશ અપાય છે. એ માર્ગાનુસારી-ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાય તો સર્વવિરતિધર્મની દુષ્કરતાનો ખ્યાલ આવ્યા વિના નહીં રહે. અત્યન્ત દુષ્કર એવા સર્વવિરતિધર્મને આરાધનારા મુનિભગવન્તોનું સત્ત્વ ખરેખર જ ઉત્કટ હોય છે. એની અપેક્ષાએ તો માર્ગાનુસારી-ધર્મની આરાધના કરનારાઓનું સત્ત્વ ખૂબ જ અલ્પ હોય છે. પરંતુ માર્ગાનુસારી-ધર્મનું સ્વરૂપ વિચારીએ તો એની આરાધના માટે પણ ઠીક ઠીક પ્રમાણમાં સત્ત્વ હોવું જોઈએ-તે જણાયા વિના નહીં રહે.

માર્ગાનુસારી-સામાન્યધર્મને સમજાવતી વખતે ઉપર જણાવેલા શ્લોકમાં જે જણાવ્યું છે-તેનો વિચાર કરવાની જરૂર છે. સામાન્ય રીતે **મોક્ષસાધક ધર્મની આરાધનામાં વિક્ષેપ કરનારી અર્થ-કામની આસક્તિ છે.** એને દૂર કરવા માટે અહીં પ્રથમ દાનધર્મનો ઉપદેશ છે. આમ પણ **ધર્મની આરાધનાનો મુખ્ય ઉદ્દેશ રાગદ્વેષની પરિણતિને દૂર કરવાનો છે.** સામાન્યગૃહસ્થધર્મ અને વિશેષગૃહસ્થધર્મ તેમ જ સર્વવિરતિધર્મ-એ બંન્ને ધર્મની આરાધના રાગ-દ્વેષની પરિણતિને દૂર કરવા માટે ઉપદેશેલી છે. **આપણી રાગ-દ્વેષની પરિણતિ વધે-એ માટે શાસ્ત્રકારપરમર્ષિઓ કોઈ પણ જાતનો ઉપદેશ કરતા નથી.** હેય-છોડવાલાયક અને ઉપાદેય-ગ્રહણ કરવા લાયક એવા પદાર્થોના વિવેકપૂર્વક ઉપદેશ કરવા પાછળ રાગ-દ્વેષની પરિણતિ દૂર કરવાનો એકમાત્ર આશય રહ્યો છે. **'प्रदानं प्रच्छन्नम्...'** ઉપર જણાવેલા આ શ્લોકમાં ગૃહસ્થના સામાન્યધર્મનું ખૂબ જ સંક્ષેપથી પણ માર્મિક રીતે વર્ણન કરાયું છે.

૧. ગુપ્તપણે દાન આપવું.
૨. ઘરે આવેલાનો સંભ્રમપૂર્વક સત્કાર કરવો.
૩. પ્રિય (સામી વ્યક્તિને અનુકૂળ એવું કાર્ય) કરીને મૌન ધરવું.
૪. ઉપકાર કોઈએ કર્યો હોય તો સભામાં પણ જણાવવો.
૫. લક્ષ્મીનો ગર્વ ના કરવો.
૬. ઉતારી પાડવાની ભાવના વિનાની બીજાની કથા કરવી.
૭. તત્ત્વશ્રવણમાં સન્તોષ ન ધરવો.

આવા પ્રકારનો સામાન્યધર્મ અનભિજાત-અકુલીન માણસમાં ક્યાંથી હોય ? - આ પ્રમાણે શ્લોકનો શબ્દાર્થ છે.

ઉપર જણાવ્યા મુજબ સાત પ્રકારના સામાન્યધર્મમાં દાનધર્મનો ઉલ્લેખ સૌથી પહેલાં છે. ગૃહસ્થજીવનમાં શક્તિ-અનુસાર દાનધર્મ વિના ચાલે એવું નથી. 'ધર્મબિન્દુ'; 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા'; 'યોગશતક' અને 'યોગશાસ્ત્ર' વગેરે ગ્રન્થમાં તેમ જ 'ધન્યકુમાર-ચરિત્ર' વગેરે ગ્રન્થોમાં (ચરિત્રગ્રન્થોમાં) પણ દાનધર્મનું ખૂબ જ સ્પષ્ટપણે નિરૂપણ કરાયું છે. તે તે ગ્રન્થોમાં વર્ણવેલા દાનધર્મનો અહીં વિચાર કરવો છે.

દેવાધિદેવ શ્રી અરિહન્ત પરમાત્માએ ઉપદેશેલા ચાર પ્રકારના ધર્મમાં દાનનો પ્રથમ ઉલ્લેખ છે. સામાન્ય રીતે આપણી પાસે રહેલી કોઈ પણ વસ્તુના પ્રદાનને દાન કહેવાય છે. સુપાત્રદાન, અનુકંપાદાન અને ઉચિતદાન-આ રીતે દાનના ત્રણ પ્રકાર છે. સુપાત્ર-દાનાદિનો સમાવેશ 'ધર્મોપગ્રહકર' દાનમાં થાય છે. આપનાર અને લેનાર-એ બન્નેને જે દાનથી ધર્મની

પ્રાપ્તિ થાય છે-એટલે કે ધર્મ માટે જે દાન ઉપકારને કરનારું બને છે તેને ધર્મોપગ્રહકર દાન કહેવાય છે. જ્ઞાન-દાન અને અભયદાનનો અધિકાર મુખ્યપણે પૂ. સાધુભગવન્તોને જ હોવાથી તેની પ્રસંગથી સામાન્ય વિચારણા કરીને અહીં ધર્મોપગ્રહકર દાનરૂપે સુપાત્ર-દાનાદિનો વિચાર કરવો છે. કારણ કે ગૃહસ્થના સામાન્યધર્મનો જ અહીં વિચાર કરવો છે અને તેમાં મુખ્યપણે તે એક સુપાત્રદાન જ સમાય છે.

વિધિપૂર્વક ધર્મસંબન્ધી જ્ઞાનનું યોગ્ય જીવોને દાન કરવું તે **જ્ઞાનદાન** છે. ભવનિસ્તારક પૂ. ગુરુભગવન્તની ઉપાસના દ્વારા સર્વ વિષયમાં નિશ્ચયસ્વરૂપ જ્ઞાન જેમને છે; એવા વિશુદ્ધવચનવાળા અને પૂ. ગુરુદેવશ્રીની અનુમતિને પામેલા પૂ. આચાર્ય-ભગવન્તાદિ મહાત્માઓ જ્ઞાનદાનના દાતા છે. જ્ઞાનનું પ્રદાન કરનારાઓમાં આવી યોગ્યતા ન હોય તો તેઓ વિધિપૂર્વક જ્ઞાનનું દાન કરવા સમર્થ નહિ બને. સમર્થજ્ઞાનદાતાઓ યોગ્ય જીવોને જ ધર્મસંબન્ધી જ જ્ઞાનનું પ્રદાન કરે છે. આ રીતે કરાતા જ્ઞાનદાનને ગ્રહણ કરનારા આત્માઓ શુશ્રૂષા (સાંભળવાની ઈચ્છા) અને જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા) વગેરે ગુણસંપન્ન હોવા જોઈએ. અન્યથા જ્ઞાનનું પ્રદાન સર્વથા અર્થહીન બની જાય છે. જ્યાં પાણીની સેર જ ન હોય ત્યાં તેવા પ્રકારની ભૂમિમાં ખોદવાથી પાણી કઈ રીતે મળે? આવી જ સ્થિતિ શુશ્રૂષાદિ ગુણથી હીન એવા લોકોને જ્ઞાનનું દાન કરવાથી થાય છે.

આપણા મન, વચન અને કાયાની કોઈ પણ પ્રવૃત્તિથી કે નિવૃત્તિથી જીવોને ભય ન થાય-એવી પ્રવૃત્તિને કે નિવૃત્તિને **અભયદાન** કહેવાય છે. સર્વથા અભયદાન આપવાનું સામર્થ્ય માત્ર પૂ. સાધુ-સાધ્વીજીઓને પ્રાપ્ત થાય છે. ગૃહસ્થો તો ખૂબ જ અલ્પ પ્રમાણમાં અભયદાન આપવા સમર્થ બને છે. મોટા ભાગે ગૃહસ્થો, 'ધર્મોપગ્રહકર દાન' ના જ અધિકારી છે. વહેલામાં વહેલી તકે જ્ઞાનદાન અને સર્વથા અભયદાન આપવાનું સદ્ભાગ્ય મળે-એવી એકમાત્ર ભાવનાથી ધર્મોપગ્રહકર-દાન આપવાથી ખરેખર જ તે દાન; દાતા અને ગૃહીતા (લેનાર)-બંન્નેના માટે ધર્મનું કારણ બને છે.

સામાન્ય રીતે દાતાને અને દાનને ગ્રહણ કરનારાને તેમ જ દાનને જોનારાને જે દાન ધર્મપ્રાપ્તિનું કારણ બને છે-તે દાનને ધર્મોપગ્રહકરદાન કહેવાય છે. આહારાદિના વિષયમાં થતું આ દાન રોગીને અપાતા પથ્યની જેમ ખૂબ જ હિતકર થતું હોય છે. **શ્રદ્ધા અને સત્કારપૂર્વક ઉચિત અવસરે બીજાને પીડા ન થાય-એ રીતે દાન અપાય તો તે સુપરિશુદ્ધ દાન છે.** માતા-પિતાદિ ગુરુજનોની સંમતિપૂર્વક ન્યાયોપાર્જિત વિત્તના (ધનના) એકમાત્ર ઉપયોગથી અપાતા દાનને જ અહીં દાન તરીકે વર્ણવ્યું છે. દાતાના પોતાના પરિજનો (નજીકનાં સગાં, નોકર વગેરે) દરિદ્ર હોય તો તેમની દરિદ્રતા દૂર કર્યા વિના દાતાએ દાન આપવું જોઈએ નહિ. અન્યથા દાન ધર્મોપગ્રહને કરનારું નહિ બને-એ દાનધર્મના અર્થી જનોએ નિરંતર યાદ રાખવું જોઈએ.

આમ જોઈએ તો વર્ત્તમાનમાં પહેલાં કરતાં દાનધર્મ ઠીક ઠીક વધ્યો છે. પરન્તુ ઉપર જણાવેલી શાસ્ત્રકારપરમર્ષિની વાતનો વિચાર કરીએ તો તેને દાનધર્મ કહેવાનું કોઈ પણ રીતે ઉચિત જણાશે નહિ. અન્યાયથી પ્રાપ્ત ધન આજે મોટા ભાગે દાનધર્મ માટે વપરાય છે. કોઈ પણ જાતના સદ્-અસદ્(સારાનરસા)નો વિચાર કર્યા વિના થતી આ દાનની પ્રવૃત્તિથી, નથી ધનની મૂર્ચ્છા ઊતરતી કે નથી કોઈને ધર્મોપગ્રહ થતો. કોઈ જીવવિશેષને તેની યોગ્યતાવિશેષના કારણે ધર્મોપગ્રહ થાય છે-તે જુદી વાત. માત્ર આપવાની પ્રવૃત્તિ જ જાણે દાન ન હોય-એ રીતે દાનમાં પ્રવૃત્તિ કરનારાઓની સંખ્યા આજે ખૂબ જ વધી રહી છે. આજની દાનની પ્રવૃત્તિમાં અને ગ્રંથકારશ્રીએ દર્શાવેલી દાનની પ્રવૃત્તિમાં ઘણું અન્તર છે. આમ છતાં એ અંગે સહેજ પણ વિચારવાની જરૂર જણાતી નથી-એ એક વિચિત્ર દુર્દશાનું લક્ષણ છે.

અનન્તજ્ઞાનીઓએ ન્યાયથી પ્રાપ્ત થયેલા ધનની અનર્થતાનું પરિભાવન કરીને ધનની મૂર્ચ્છા ઉતારવા માટે દાનધર્મનો ઉપદેશ કર્યો છે. ધનની અસ્થિરતાને સમજીને તેની મૂર્ચ્છા ઉતારવા માટે પોતાની પાસેના ધનાદિનું પ્રદાન થાય તો તે દાન; સ્વ-પરને (પોતાને-બીજાને) ધર્મના ઉપગ્રહને કરનારું બને. **આપવાથી મળે છે-એ ભાવનાથી દાન કરવાથી સ્વપરને ધર્મોપગ્રહ ન થાય.** વસ્તુ છે તે છોડવાલાયક છે, રાખવાજેવી નથી, આજે નહિ તો કાલે ગમે ત્યારે તે નાશ પામવાની છે અને તેની આસક્તિ ભયંકર છે... આવું વિચારીને-સમજીને દાન

અપાય તો ધનની મૂર્ચ્છા કેમ ન ઊતરે? પરંતુ આપવાથી જ્યાં મેળવવાની જ ભાવના હોય ત્યાં ધનની મૂર્ચ્છા ઊતરવાનું કોઈ જ કારણ નથી. સારી ભાવનાથી આપેલું દાન સામા આત્માને હિતકર બન્યા વિના નહિ રહે. **વસ્તુ છે માટે આપવાનું છે; વસ્તુ મેળવવી છે માટે નથી આપવાનું**-આ વાત દાન કરનારાએ કોઈ પણ સંયોગોમાં ભૂલવી નહિ જોઈએ. એ વાત આજે લગભગ વીસરાઈ ગઈ છે. એનું સ્થાન, 'આપવાથી મળે છે'-આવી વૃત્તિએ લીધું છે. આનું મુખ્ય કારણ પારકા પૈસે ભવ્યાતિભવ્ય સ્થાનાદિ બનાવવાની વૃત્તિ છે. આવી વૃત્તિના કારણે તે તે વસ્તુના આયોજકો નવી નવી યોજનાઓ શ્રેણીબદ્ધ મૂકતા જાય છે. અને આકર્ષક એવી તે યોજનાઓ માટે નામનાદિના લોભિયા દાતાઓ દાનને વરસાવતા જ જાય છે. આવી રીતે તૈયાર થયેલાં સ્થાનાદિમાં દિવસે દિવસે સંક્લેશનું વાતાવરણ વધતું જાય છે. ભાવ તો બિલકુલ આવતો નથી... આવી જાતની કંઈકિટલીય ફરિયાદો છેલ્લાં ૧૫-૨૦ વરસથી આપણે સાંભળતા આવ્યા છીએ. આવી વિષમસ્થિતિને અટકાવવા આજે દાનની રીતમાં જડમૂળમાંથી ફેરફાર કરવાની આવશ્યકતા છે. સ્થાનાદિ વિના ચલાવી લેતાં શીખી લેવું જોઈએ, પણ અયોગ્ય રીતે દાનાદિ દ્વારા સ્થાનાદિ નહિ બનાવવાં જોઈએ. સોસાયટી સોસાયટીએ ઉપાશ્રયાદિ બનાવી આપવાથી અને તે માટે કાયમી ફંડ વગેરે કરાવી આપવાથી લોકોને પારકા પૈસે ધર્મ કરવાની બહુ જ મજા આવે છે. સોસાયટી સોસાયટીએ જ નહિ, ઘરે ઘરે ઉપાશ્રયાદિ બનાવે પણ પોતાના પૈસે બનાવે. બીજાની પાસે પૈસા માંગીને તે બનાવી આપવાની જરૂર નથી. આવી પ્રવૃત્તિના કારણે અયોગ્ય

રીતે થનારી દાનાદિની પ્રવૃત્તિમાં આપણે જાણે-અજાણે સહભાગી બનતા હોઈએ છીએ. અનન્તજ્ઞાનીઓની આજ્ઞા મુજબ આપણે આરાધના તો કરી શકતા નથી, પરંતુ તેઓશ્રીની આજ્ઞાથી વિપરીત દાનાદિની પ્રવૃત્તિમાં આપણે શા માટે ભાગ લેવો જોઈએ?

આની સામે દલીલો તો ઘણી કરી શકાય છે કે સુખી શ્રાવકો આવી રીતે મધ્યમવર્ગના જૈન ભાઈઓને આરાધનાની અનુકૂળતા કરી આપે તો શું વાંધો છે? આ પણ સાધર્મિકભક્તિનો જ એક પ્રકાર છે ને? ધનની મૂર્ચ્છા ઉતારવા માટેનું જ આ એક સાધન છે ને? પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે ને? શાસનપ્રભાવનાનું જ આ એક સુંદર અનુષ્ઠાન છે ને?... આ બધા પ્રશ્નોના જવાબમાં એટલું જ જણાવવાનું કે **ધર્મ તો શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ કરવાનો.** શાસનની પ્રભાવના પણ એ રીતે જ કરવાની. સાધર્મિકને સહાયભૂત થવા માટેના બીજા ઘણા માર્ગ છે. પારકા પૈસે ધર્મ કરાવવાથી સાધર્મિકભક્તિ ન થાય. મૂર્ચ્છા ઉતારવાનો પણ આ માર્ગ નથી. એ માટે નામનો મોહ જતો કરવો પડે. નામ વગર કામ કરવાનું જે દિવસે દિલ થશે તે દિવસે દાતા પાત્રને શોધ્યા કરશે. આજે દાતાને શોધવા પડે છે. એ પણ પૂર્ણ પૈસા આપ્યા વિના સંપૂર્ણનો લાભ લેનારા ! આવા નામનાદિના લોભથી દાન આપવાથી પુણ્યાનુબંધી પુણ્ય ન બંધાય. **જે દિવસે દાન અંગેનું નામ લખાઈ જાય તે દિવસે દાનનું ફલ પૂર્ણ થાય.** નામના માટે કરાયેલો દાનધર્મ કોઈ રીતે ફળવાનો નથી. નામના માટે દાન આપનારાઓ ધનને ભૂંડું માનતા જ નથી. માટે દાન આપવા

છતાં તેમની ધનની મૂર્ચ્છા ઊતરતી નથી. **પૈસો કચરાજેવો લાગે તો નામ લખાવવાનું મન નહિ થાય.** કોઈ માણસે રસ્તામાં કચરો નાખ્યા પછી કદી નામ આપ્યું સાંભળ્યું છે કે-'આ કચરો મેં નાખ્યો છે !'? પૈસો કચરાજેવો લાગે તો દાન આપવાનું, દિવાલો ચીતરવા માટે દાન નથી આપવું. **દાન કરવાથી ધર્મ ન થાય, દાન પચે તો ધર્મ થાય.** નામ માટે દાન આપવું એ દાનનું અજીર્ણ છે. ખાતાં ખાતાં શક્તિ નથી આવતી, ખાધેલું પચે તો શક્તિ આવે, નહિ તો અજીર્ણ થાય. તેમ; 'આ રીતે તો આ રીતે, નામ માટે આપતાં આપતાં પણ દાનધર્મનો અભ્યાસ પડશે'-એવું માનવું એ ભયંકર અજ્ઞાનતા છે. આવા દાનથી; ન તો ધનની મૂર્ચ્છા ઊતરે છે કે ન તો દાનનો અભ્યાસ પડે છે, માત્ર નામના વધારવાનો જ અભ્યાસ પડે છે. છતાંય આવો દાનધર્મ કરનારા અને તેનો ઉપદેશ આપનારાઓનો ય આજે તોટો નથી. સરખેસરખાનો યોગ થયો હોવાથી આવી પણ પ્રવૃત્તિમાં શાસનપ્રભાવકતાનાં દર્શન થાય છે-એ અદ્ભુત છે ! પરંતુ એથી વધારે અદ્ભુત તો એ છે કે આવી શાસનપ્રભાવનાના દ્રષ્ટા મહાત્માઓ છે!! **જ્યાં સુધી સાધુ પાસે માનની અપેક્ષા છે અને ગૃહસ્થ પાસે લાલચ છે, ત્યાં સુધી ગુપ્તપણે દાન થાય એ શક્ય જ નથી.** ખરી રીતે તો મહાત્માઓની જવાબદારી છે કે-તત્ત્વાતત્ત્વના વિવેકપૂર્વક જિજ્ઞાસુઓને સ્પષ્ટ ખ્યાલ આપવો, પરંતુ એ શક્ય લાગતું નથી. પરિસ્થિતિ ખૂબ જ વિચિત્ર છે.

આ રીતે ઉપર જણાવ્યા મુજબ ન્યાયથી પ્રાપ્ત થયેલું ધન; તેની ઉપરની મૂર્ચ્છા દૂર કરવા માટે દાનના કામમાં વાપરવું

જોઈએ. આ દાન પણ શ્રદ્ધા અને સત્કાર પૂર્વક આપવું જોઈએ. અર્થ અનર્થસ્વરૂપ છે, એની આસક્તિ તોડ્યા વિના છૂટકો નથી, અને એ માટે દાન વિના બીજો કોઈ ઉપાય જ નથી... ઈત્યાદિ પરિણામને શ્રદ્ધા કહેવાય છે. સામેથી લેવા આવેલાને પણ ઔચિત્યપૂર્વક આપતી વખતે ખૂબ જ ભક્તિથી આપવું-તેને સત્કારથી યુક્ત દાન કહેવાય છે. પૂર્વે કહી ગયા મુજબ આજે દાનધર્મ અંગેનું સ્વરૂપ જ તદ્દન વિપરીત થયું છે. એટલે શ્રદ્ધા અને સત્કાર પૂર્વકના દાનની વાત લગભગ શાસ્ત્રના પાને જ જોવા મળે. ચાલુ વ્યવહારમાં તેનાં દર્શન થાય એવી સંભાવના નહિવત્ છે. ધનની મૂર્ચ્છા ઉતારવાનો ભાવ તો લગભગ અદશ્ય બની ગયો છે. તેથી જ માત્ર વ્યવહારના કારણે અથવા તો માત્ર કીર્ત્તિ આદિ માટે કરાતા દાનમાંથી શ્રદ્ધા કે સત્કારે પણ લગભગ વિદાય લીધી છે. દાન આપવાનો પ્રસંગ આવે તો દાતાને આનંદ થાય. ગ્રાહકને જોવાથી તે યાચક ન લાગે પરન્તુ ધર્મની આરાધનામાં સહાય કરનાર ઉપકારી લાગે. ઉપકારીનો સત્કાર કઈ રીતે કરાય-એ સમજાવવું ન પડે. દાનની પાછળનો આશય જ મલિન થયો હોવાથી સત્કારપૂર્વકના દાનની તો આશા સેવાય જ નહિ. પરંતુ ''વાતવાતમાં શાના ચાલ્યા આવો છો? તમારા માટે કમાતા નથી, અમને પણ બૈરાછોકરા છે-કુટુંબ છે, તમને લોકોને મફતનું ખાવાની ટેવ પડી ગઈ છે, સરનામું આપતા જાઓ, સગવડ હશે તો જણાવશું...'' ઈત્યાદિ રીતે તિરસ્કાર ન થાય તો ગ્રાહકનું સદ્ભાગ્ય સમજવું. આવા વખતે આપવા માટેના આપણા સંયોગો ન હોય તોપણ ગ્રાહકને આવકારી સાચી

હકીકત ખૂબ જ નમ્રતાપૂર્વક જણાવીને કહેવું કે 'સરનામું આપો! સગવડ થશે એટલે તુરત જ જણાવીશ...' વગેરે વચનોથી સત્કાર કર્યા વિના રહેવું નહિ-એમ શાસ્ત્ર ફરમાવે છે. દાતા, જેમ બને તેમ ઓછું આપવું પડે એવી વેતરણમાં હોય અને લેનાર જેમ બને તેમ વધુ ખંખેરવાની વેતરણમાં હોય ત્યાં શ્રદ્ધા અને સત્કારની વાતનો મેળ ન જામે. **ધન છે તો આપવાનું છે, કમાઈને આપવાનું નથી.** જીવનવ્યવહાર સિદાય એ રીતે પણ આપવાનું નથી. યથાશક્તિ જ આપવાનું છે, તો અનન્તજ્ઞાનીઓની આજ્ઞા મુજબ શ્રદ્ધા અને સત્કાર પૂર્વક કેમ ન આપવું?

પૂર્વે જણાવ્યા મુજબ શ્રદ્ધા અને સત્કાર પૂર્વક દાનની પ્રવૃત્તિ થાય તો ધનની મૂર્ચ્છા ક્ષણવારમાં ઊતરે. **ગૃહસ્થજીવનમાં અર્થકામની પ્રવૃત્તિ કરતાં પણ તેની આસક્તિનું પાપ ઘણું છે.** જીવનમાં પોતાને અથવા તો પોતાના સ્વજનાદિને અર્થ અને કામનો પરિભોગ કેટલો, અને તેની અપેક્ષાએ અર્થ અને કામની આસક્તિ કેટલી-તેનો વિચાર કરવો જોઈએ. આસક્તિ ઓછી ન થાય તો મહારંભ અને મહાપરિગ્રહ સ્વરૂપ પાપના ભાજન બની નરકાદિગતિમાં જવાનું થાય-એનો જેને ખ્યાલ છે એવા જીવો જ આસક્તિના ઉચ્છેદ માટે શ્રદ્ધા અને સત્કાર પૂર્વક દાનમાં પ્રવૃત્તિ કરતા હોય છે. વિવેકપૂર્વક ઔદાર્યપૂર્ણ શ્રદ્ધાદિથી કરેલું દાન ખરેખર જ ધર્મોપગ્રહને કરનારું બને છે. **આપણે માત્ર ધનની મૂર્ચ્છા ઉતારવા માટે દાન કરીએ છીએ, કોઈની ઉપર ઉપકાર કરવા માટે એ દાન નથી**-એ ભૂલવું જોઈએ નહિ. આપણો

એક એક પૈસો લેખે લાગવો જોઈએ અને ઊગી નીકળવો જોઈએ- આવી ભાવના વ્યાજબી નથી. અનન્તજ્ઞાનીની આજ્ઞા મુજબ વિવેકપૂર્વક કરેલા દાનથી આપણી ધન ઉપરની મૂર્ચ્છા ઊતરી ગઈ તો સમજવું કે આપણો પૈસો લેખે લાગ્યો છે, ધન પર મમત્વ ન હોય એટલે આપણો પૈસો ઊગી નીકળ્યો છે. બાકી તો **દાન આપ્યા પછી પણ આપણને એ પૈસો આપણો જ લાગ્યા કરે તો એવા દાનને સુપરિશુદ્ધ દાન કહેવાય નહિ. પાત્રાપાત્રનો વિવેક દાન આપતાં પૂર્વે કરીએ તે તો બરાબર, પરન્તુ દાન આપ્યા પછી પણ સતત એ જ વિવેક ચાલ્યા કરે- એ બરાબર નથી.** આવી પ્રવૃત્તિના કારણે દાન લેનારને શરમાવું પડે છે, અને પસ્તાવો થાય છે કે આવા માણસ પાસેથી મેં દાન ક્યાં લીધું? આવા સંયોગોમાં એવું દાન; લેનારને ધર્મોપગ્રહને કરનારું બનતું નથી. દાતાને પણ આપી દીધેલા દાન પ્રત્યે મમત્વ હોવાથી ધર્મોપગ્રહકર તે દાન થતું નથી. આથી સમજી શકાશે કે ધર્મોપગ્રહકર દાન માટે ધનસંબંધી મમત્વ સહેજ પણ હોવું ના જોઈએ. જોકે બોલવાજેટલું તે સરળ નથી. **ધન છૂટી જાય, પરંતુ 'મેં છોડ્યું છે,' એ છૂટે ત્યારે માનવું કે ધર્મોપગ્રહકર દાનનો પરિણામ પ્રગટ્યો.** માત્ર આસક્તિ દૂર કરવાની જ ભાવનાથી દાન થાય તો કોઈ જ પ્રશ્ન ઉદ્ભવતો નથી. પરંતુ દાન આપીને સામી વ્યક્તિ ઉપર ઉપકાર કરવાની ભાવના હોવાથી કોઈ પ્રશ્ન જ બાકી રહેતો નથી, બધા જ પ્રશ્નો ઊભા થાય છે. દાન કરીને આપણે આપણી જાત ઉપર ઉપકાર કરવાનો છે, સામી વ્યક્તિ ઉપર ઉપકાર કરવાનો નથી.

ઉપર જણાવ્યા મુજબ; ધનથી થયેલી મમતાનો નાશ કરવા માટે દાન, ન્યાયોપાત્ત વિત્તથી આપવું જોઈએ અને પોતાના માતાપિતાદિ ગુરુજનોની સંમતિપૂર્વક આપવું જોઈએ. આમ પણ અર્થના ઉપાર્જનમાં પ્રતિબદ્ધચિત્તવાળા (રાગી) ગૃહસ્થને કોઈ પણ લાભની પ્રાપ્તિ થાય તો તે બધું જ માતાપિતાને સમર્પિત કરી દેવાનું વિધાન છે. એટલે ધનનો માલિક પોતે ન હોવાથી પોતાની ઈચ્છા પ્રમાણે દાન કરી ન શકે. આપણે કમાતા હોઈએ તોપણ માતાપિતાની ઈચ્છા થતી ન હોવાથી તેમને પૂછ્યા વિના પણ દાન કરવાની સંમતિ અપાય નહિ. આવા વખતે ગમે તે રીતે માતાપિતાનો દાન માટે ઉત્સાહ વધે-એ માટે પ્રયત્ન કરવો જોઈએ. નહિ તો અન્તે કમાવવાની પ્રવૃત્તિ પણ બંધ કરવી જોઈએ. આથી વિશેષ આ વિષયમાં વિચારવાની આવશ્યકતા છે, જે પૂ. ગીતાર્થ ગુરુભગવન્ત પાસેથી વિચારી લેવું જોઈએ. ન્યાયોપાત્ત વિત્ત જ દાનમાં વાપરવાનો આગ્રહ હોવો જોઈએ. આજે આ વિષયમાં હદ ઉપરાન્ત છૂટ અપાય છે-તે અનુચિત છે. એની પાછળ દાનધર્મ પ્રત્યેનો પ્રેમ કારણ નથી. પરન્તુ ગમે તે રીતે પોતે નક્કી કરેલાં કહેવાતાં શાસનપ્રભાવક કાર્યો પાર પાડવાની વૃત્તિ કામ કરે છે. **અણસમજથી કોઈ વાર અન્યાયનું ધન આવી ગયું હોય તેને એકવાર પોતાના નામ વિના દાનમાં વાપરીને બીજી વાર અન્યાયનું ધન ગ્રહણ નહિ કરવાનો દૃઢ નિર્ણય કરી લઈએ**-એ એક જુદી વાત છે. અને અન્યાયોપાત્ત વિત્તથી દાન કરવાની અનુમતિ આપવી-એ જુદી વાત છે. બે નંબરના પૈસાએ બે નંબરનો વહીવટ ધાર્મિક ટ્રસ્ટોમાં ઘાલ્યો.

એથી સરવાળે લાભ આયોજકોને થતો હોય છે. એમાં ધર્મ કેટલો અને ટ્રસ્ટ કેટલો-એ પૂછવાનો કોઈ અર્થ જ નથી.

પૂર્વે જણાવ્યા મુજબ ગૃહસ્થપણામાં આરંભસમારંભનું પાપ ઘણું મોટું છે. એમાં પણ અર્થ-કામનો લોભ ભળે તો પાપ એથીય ઘણું મોટું થાય છે. દાનધર્મના અભ્યાસથી અર્થ અને કામની ઈચ્છા ઉપર નિયંત્રણ ચોક્કસ લાવી શકાય છે. અર્થ અને કામની ઈચ્છા ભયંકર છે-તે સમજાય તો પરિગ્રહ હળવો કરી શકાય. **દાન; પરિગ્રહથી મુકાવા માટે છે, અધિક પરિગ્રહને ભેગો કરવા માટે નથી.**

કહેવાનો આશય એટલો જ છે કે-ન્યાયસમ્પન્ન વિભવનો સ્વામી એવો ગુર્વાદિસમ્મત દાતા, નિર્ગ્રંથ પૂ. ગુરુભગવન્તોસ્વરૂપ ગ્રાહકને નિરવદ્ય અશન-પાન-શય્યા-વસતિ પ્રમુખનું (દેયનું) યોગ્ય કાળે શ્રદ્ધા-સત્કારપૂર્વક જે દાન કરે છે તે મુખ્યપણે ધર્મોપગ્રહકર સુપાત્રદાન છે. દીન, દુઃખી, દરિદ્ર અને નોકરી વગેરે માટે તદ્દન અસમર્થ એવાં અનુકમ્પાપાત્રોને કરુણાન્વિત હૃદયે વિવેકપૂર્વક જે દાન અપાય છે તે દાન ધર્મોપગ્રહકર અનુકમ્પાદાન છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવની પરમતારક આજ્ઞા મુજબ અનુકંપાદાન વિવેકી જનો ખૂબ જ ઉદારતાપૂર્વક કરે તો શાસન-પ્રભાવનાનું તે કારણ બન્યા વિના નહિ રહે. અનુકમ્પા કે ભક્તિનાં પાત્ર જેઓ નથી એવા પાત્રાભાસોને ઔચિત્ય ખાતર જે અપાય છે, તેને **ઉચિતદાન** કહેવાય છે.

**'प्रदानं प्रच्छन्नं.....'**આ શ્લોકનો વિચાર કરતી વખતે પ્રસંગથી ઉપર જણાવ્યા મુજબ દાનાદિસંબંધી વિચારણા કરી. એ વિષયમાં શ્લોકમાં એટલું જ ફરમાવ્યું છે કે એવું પણ દાન પ્રચ્છન્ન-ગુપ્ત હોવું જોઈએ. **જે પણ દાન આપણે આપીએ તેની ખબર, લેનાર અને આપનાર સિવાય બીજા કોઈને પણ પડવી ના જોઈએ:** એ સામાન્ય-ધર્મ છે. **'प्रदानं प्रच्छन्नं.....'**આ શ્લોકથી જે સામાન્ય-ધર્મનું સ્વરૂપ જણાવ્યું છે-એનો વિચાર કરીએ તો વિશેષધર્મનું સ્વરૂપ કેવું હશે, એની સહેજ પણ કલ્પના કરી શકાશે. લૌકિક રીતે પણ દાનનું સ્વરૂપ જણાવતી વખતે ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવી વાત જણાવી છે. એ મુજબ દાન ગુપ્ત રીતે આપવામાં દાનનો મુખ્ય આશય ચોક્કસ જ સચવાય છે. ધનની મૂર્ચ્છા ઉતારવા માટે અપાતું દાન; દાનના અહંકારથી મૂર્ચ્છા ઉતારનારું બનતું નથી. **કોઈને પણ ખબર ન પડે એ રીતે પ્રચ્છન્નપણે દાન આપવાથી દાતા અહંકારથી સહજપણે જ દૂર રહે છે.** આથી સમજી શકાશે કે દાનની પ્રચ્છન્નતા કેટલી આવશ્યક છે. જ્યાં દાન આપતી વખતે કોઈને પણ ખબર ન પડે-એ અંગે ખ્યાલ રાખવાનું જણાવ્યું છે, ત્યાં દાન આપ્યા પછી નામ લખાવવાની વાત વિચારવાની જ રહેતી નથી. સામી વ્યક્તિ કે સંસ્થાના કાર્યકર્ત્તાઓ કોઈવાર નામ આપે કે લખે-એ જુદી વાત છે. એવા વખતે કોઈ પણ સંયોગોમાં દાતાએ તો એવી ઈચ્છા પણ રાખવી ના જોઈએ. વર્ત્તમાનમાં દાતાઓને આકર્ષવા માટે અનેક જાતનાં આયોજનો કરાતાં હોય છે. પરમાર્થપણે વિચારવાથી સમજાશે કે-એ આયોજનો વસ્તુતઃ

દાનના ઉદ્દેશની સિદ્ધિને કરનારાં નથી. **નામના-કીર્ત્તિ આદિના ઉપાર્જન માટે દાન નથી.** પરિગ્રહની આસક્તિને દૂર કરવાના આશયથી પ્રવર્ત્તેલા દાનધર્મથી જો નામનાદિના ઉપાર્જનની જ ભાવના હોય તો તે ખૂબ જ ખરાબ છે. 'નામનાદિ માટે પણ દાન કરે છે ને?'-આવું વિચારવાના બદલે 'દાનથી નામનાદિ મેળવે છે' આવું વિચારવું જોઈએ. લાડવામાં ઝેર છે અને ઝેરવાળા પણ લાડવા છે-આ બેમાં જે ભાવ છુપાયો છે તેને પારખી શકનારને ઉપર જણાવેલી વિચારણાઓના ભેદને સમજાવવાની જરૂર નથી. તેઓ તે બંન્ને વચ્ચેનો ભેદ બરાબર સમજી શકે છે.

દાનની પ્રચ્છન્નતાની અનિવાર્યતા સમજવા શ્રી શાલિભદ્રજીનું દષ્ટાન્ત યાદ રાખવા જેવું છે. પૂર્વભવમાં તદ્દન દરિદ્ર અવસ્થામાં રડી-રડીને લોકોની મહેરબાનીથી ખીર મેળવી હતી. એ વાપરતાં પૂર્વે પોતાને ત્યાં પધારેલા તપસ્વી મુનિ મહાત્માને પોતાની થાળીમાંની બધી જ ખીર વહોરાવી દીધી. ત્યારે બીજી ખીર છે કે નહિ તેમ જ પોતાને વાપરવા મળશે કે નહિ તેની ખબર ન હતી. તેમ છતાં પોતાની માતાને પણ તેમણે કહ્યું નથી કે-મેં ખીર વહોરાવી દીધી છે. આ પ્રચ્છન્ન સુપાત્રદાનના અચિન્ત્ય સામર્થ્યથી ઉપાર્જેલા પુણ્યાનુબન્ધી પુણ્યના કારણે શ્રી શાલિભદ્રજી સ્વરૂપે તેઓ જન્મ્યા. તેઓશ્રીની ઋદ્ધિને યાદ કરનારાઓએ; તેઓશ્રીએ પૂર્વભવે આપેલ પ્રચ્છન્ન સુપાત્રદાનને પણ યાદ રાખવું જોઈએ. આજે આ વિષયમાં ખૂબ ઔદાસીન્ય સેવાય છે. **પાપ પ્રચ્છન્નપણે કરવાના સ્વભાવવાળા પણ દાન પ્રચ્છન્નપણે આપતા નથી !** જ્ઞાની ભગવન્તો તો

ફરમાવે છે કે દાન પ્રચ્છન્નપણે આપવાની જરૂર છે અને પાપને પ્રગટ કરવાની જરૂર છે. પાપ પ્રગટ કરવાથી પાપ નાશ પામે છે અને દાન પ્રચ્છન્નપણે-ગુપ્તપણે આપવાથી એ દાન અનુબંધવાળું બને છે. પ્રચ્છન્નપણે દાન આપવાથી બંધાયેલ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયમાં મળેલું સુખ આસક્તિ તો નથી કરાવતું, આગળ વધીને શાલિભદ્રજીની જેમ એ પ્રચ્છન્નપણે આપેલું સુપાત્રદાન જ ક્રમે કરીને અભયદાનના માર્ગે લઈ જાય છે... આમ છતાં મોટાભાગના ધર્માત્માઓની આજે એ હાલત છે કે **પાપ પ્રચ્છન્નપણે કરવાના કારણે પાપનો અનુબંધ પડ્યા કરે છે અને દાન પ્રગટપણે આપવાથી દાન નાશ પામે છે.** ઈન્કમટેક્સવાળાને 'ચાંલ્લો' જે રીતે કરે તે રીતે સુપાત્રદાન આપવાની તૈયારી આવશે તે દિવસે સુપાત્રદાનની પ્રચ્છન્નતા સમજાઈ એમ માનવું. પણ એ સહેલું નથી. **ન્યાયથી કમાવવું હજુ સહેલું છે પણ નામ વગર દાન આપવું સહેલું નથી.**

ઉપર જણાવ્યા મુજબ **વિધિપૂર્વક દાન આપવાથી પુણ્યાનુબન્ધી પુણ્ય બંધાય છે.** પુણ્યના ઉદયમાં પણ મનને આસક્તિથી દૂર રાખનારું અને કોઈવાર તે પૂર્ણ થયા બાદ તેના અભાવે કોઈ પણ સુખનાં સાધન ન રહેવા છતાં ધર્મભાવનાને સુરક્ષિત રાખનારું જે પુણ્ય છે; તેને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. 'ધન્યચરિત્ર'માં આ વાતને સમજાવતાં ત્યાં વર્ણવેલો શ્રી ગુણસારશ્રેષ્ઠીનો વૃત્તાન્ત યાદ રાખવો જોઈએ.

પરમધાર્મિકવૃત્તિવાળા 'શ્રી ગુણસાર' નામના શ્રેષ્ઠી હતા. ભૂતકાળના પુણ્યપ્રકર્ષે અર્થ અને કામની કોઈ જ કમીના

ન હતી. પરન્તુ પુણ્યનો ઉદય ધીરે ધીરે ક્ષીણ થવાથી અર્થ અને કામ ક્ષીણ થવા માંડ્યા. થોડા કાળ પછી તો એવી સ્થિતિ આવી લાગી કે સવારે સાંજની ચિંતા અને સાંજે સવારની ચિંતા કરવાનો વખત આવ્યો. સાત પેઢીએ પણ ન ખૂટે એવી સંપત્તિ એક ટંક ચાલે એટલી પણ રહેવા ન પામી. પરન્તુ આવી સ્થિતિમાં પણ શેઠની ધાર્મિક વૃત્તિમાં કોઈ જ ફરક ના પડ્યો. શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા હોવાથી સંપત્તિનો અભાવ વિપત્તિનું કારણ ન બન્યો કે ધાર્મિક શ્રદ્ધાને વિચલિત કરનારો ન બન્યો. પુણ્યથી મળેલી લક્ષ્મી પુણ્ય પૂરું થવાથી જાય-એમાં આશ્ચર્ય ન હતું. જીવના અને જડ પદાર્થોના સ્વરૂપને જેઓ પરમાર્થથી જાણે છે તેઓને આવી સ્થિતિમાં કોઈ શોક થતો નથી, એ થવાનું કારણ પણ નથી.

આવી વિષમ સ્થિતિમાં એકવાર શ્રી ગુણસાર શ્રેષ્ઠીને તેમનાં ધર્મપત્નીએ કહ્યું કે-''મારા પિતાજી પાસે જઈ આવો; ચોક્કસ જ તેઓ તમોને થોડું-ઘણું ધન આપશે''; તે વખતે 'શ્રી ગુણસાર શેઠે' તેમને જણાવ્યું કે 'આવી સ્થિતિમાં ત્યાં ન જવાય'. પરન્તુ પોતાની પત્નીની હઠના કારણે શ્રી ગુણસાર શ્રેષ્ઠીએ પોતાના સસરાને ત્યાં જવાનું સ્વીકાર્યું. ત્રણ દિવસનો રસ્તો હતો. ચાલીને જ જવાનું હતું. ''પહેલા દિવસે ઉપવાસ; બીજે દિવસે પારણું, ત્રીજે દિવસે ઉપવાસ અને ચોથે દિવસે પોતાના પિતાજીને ત્યાં પારણું કરશે-'' આવી ગણતરીથી પત્નીએ એક દિવસનું ભાતું બાંધી આપ્યું. તે લઈને શ્રી ગુણસાર શેઠે સાસરે જવા પ્રયાણ કર્યું. પહેલા દિવસે તો ઉપવાસ હતો;

બીજે દિવસે મધ્યાહ્ને પારણું કરવા માર્ગમાં એક નદીના કિનારે બેઠા. એ વખતે તેમને વિચાર આવ્યો કે ''કોઈ સાધુમહાત્માનો યોગ મળે તો તેઓશ્રીને દાન આપી (વહોરાવીને) પારણું કરું !'' સદ્‌ભાગ્યે એટલીવારમાં તો માસક્ષમણ (૩૦ ઉપવાસ) ના પારણે (પૂર્ણ થયે) સાધુ મહાત્મા ત્યાં પધાર્યા, જેમને એ પૂર્વે ગામમાં પાણી મળ્યું હતું; પરન્તુ ભિક્ષા (અન્ન) મળી ન હતી. એ મહાત્માને શ્રી ગુણસાર શ્રેષ્ઠીએ પોતાની પાસેનું બધું જ ભાતું વહોરાવી દીધું. શેઠનો વિનય, બહુમાન અને ભાવનાદિને જોઈને મહાત્માએ પણ તે લઈ લીધું. ત્યાર બાદ મહાત્મા તો અન્યત્ર વિહાર કરી ગયા.

આ બાજુ શ્રી ગુણસાર શ્રેષ્ઠી પાસે હવે પારણા માટે કાંઈ જ ન હોવાથી તેમણે છઠ્ઠ (૨ ઉપવાસ) નું પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કર્યું. આ રીતે મહાત્માને આપેલા દાનથી તેઓ ખૂબ જ આનંદિત બની, તેની મનમાં અનુમોદના કરતાં કરતાં આગળ ચાલવા લાગ્યા. અનુક્રમે તેઓ સસરાના ગામે પહોંચ્યા. બજારમાં સસરાની દુકાન ઉપરથી જતી વખતે સસરાએ અને સાળાઓએ તેમને જોયા. આમ છતાં તેઓએ જાણે જોયા જ નથી એવો વર્તાવ કર્યો. અને ઉપરથી પરસ્પર સૂચના આપી કે 'તેને મોઢું ના આપવું, નહિ તો તે ગળે પડશે.' આ બધું શ્રી ગુણસાર શ્રેષ્ઠીની ધારણા મુજબનું જ હતું, નવું ન હતું. મનમાં તેઓને લાગ્યું કે 'પત્નીના આગ્રહના કારણે હું અહીં આવ્યો તે સારું ના કર્યું. પોતાનું મહત્ત્વ ગુમાવ્યું,' સાથે એમ પણ લાગ્યું કે 'હું અહીં આવ્યો ન હોત તો મુનિભગવન્તને દાન આપવાનો લાભ

મળત નહિ; જે થયું તે સારું જ થયું'-આવાં વિચારમાં ને વિચારમાં તેઓ સસરાના ઘરે પહોંચ્યા. ત્રણ દિવસના ઉપવાસ છે. આટલો પગે પ્રવાસ કરી આવ્યા છે. થાક અને ભૂખનો પાર નથી. પરન્તુ ઘરમાં પણ કોઈ આવકારતું નથી. ત્યાં ખાવા-પીવાની વાત જ ક્યાંથી હોય? ઘરની બહાર ખુલ્લામાં તેઓ બેઠા છે. તેમના સસરા અને સાળાઓ જ્યારે આવ્યા ત્યારે તેમની સાથે થોડું-ઘણું જમી લીધું. એ પણ આદર અને બહુમાન વિના. જમ્યા બાદ સસરાએ પૂછ્યું 'ક્યારે જવાના છો?' ત્યારે તેમણે કહ્યું, 'સવારે' ! ત્યારે સસરાએ કહ્યું કે 'વહેલી સવારે જ જજો ! નહિ તો તડકો લાગશે' તે વખતે તેમણે કહ્યું કે 'તેમ જ કરીશ' રાતે ઓસરીમાં જ ઊંઘીને સવારે તેમણે પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

માર્ગમાં એ જગ્યા આવી કે જ્યાં તેમણે મુનિ ભગવન્તને દાન આપ્યુ હતું. ક્ષણવાર એ જગ્યામાં બેસી મુનિમહાત્માને વહોરાવ્યાની વાતનું અનુસ્મરણ કરતાં ખૂબ જ આનંદ થયો. ત્યાંથી ઘર તરફ જતી વખતે તેઓને વિચાર આવ્યો કે આ સાત દિવસમાં ઘરે દેવું થયું હશે. મળ્યું તો કાંઈ નથી. તેથી અહીં રહેલા ગોળ-ચોરસ સુંદર આકારવાળા થોડા પથ્થર લઈ જાઉં ! જે વ્યાપારી લોકોને વજનના માટે ઉપયોગી હોવાથી તેને વેચીને થોડું-ઘણું દેવું દૂર કરી શકાશે. નહીં વેચાય તો મુનિ ભગવન્તને દાન આપ્યાની પુણ્યભૂમિનું અનુસ્મરણ (યાદગીરી) બની રહેશે-એમ ચિંતવી પોતાની અનુકૂળતા મુજબ જેટલા પથ્થર લેવાય એટલા લીધા અને માથે ઊંચકીને આગળ ચાલવા માંડ્યા.

અહીં તેમના ઘરે તેમનાં ધર્મપત્ની રાહ જોઈ રહ્યાં છે. સામેથી આવતા સ્વામીને જોઈને લેવા જાય છે. સ્વામીના માથે પોટલું જોઈને વિચારે છે કે પિતાશ્રીએ ઠીક ઠીક આપ્યું લાગે છે. પોતાના સ્વામી પાસેથી પોટલું લઈ લીધું અને કહ્યું કે 'મારા પિતાજીએ આટલું આપ્યું હતું તો એક મજૂર કરી લીધો હોત તો ન ચાલત? જાતે શા માટે ઊંચકીને લાવ્યા?' શેઠે કહ્યું કે 'તારા પિતાજીએ શું આપ્યું છે-તે મારું મન જાણે છે.' એ સાંભળીને શેઠાણીને થયું કે ''આટલું આપ્યા છતાં સન્તોષ નથી. ખરેખર જ જમાઈ અને યમ-બંન્ને કોઈ દિવસ ધરાય નહિ.'' ઘરે આવીને ઉત્સાહપૂર્વક જમણની તૈયારી કરવા માંડી. હવે પોતાના પિતાજી દ્વારા ઘણું ધન મળ્યું છે-એમ માનીને દુકાનેથી ઉધાર સામગ્રી લાવીને રસોઈ બનાવી, અને સ્વામીને જમવા બેસાડ્યા. ત્યાર બાદ 'મારા પિતાજીએ શું આપ્યું છે તે હું જોઉં છું!' એમ કહીને બાજુની બીજી રૂમમાં પોટલું લઈ ગયા. ખોલીને જોવાથી અંદર અત્યન્ત કીમતી તેજસ્વી રત્નો જણાયાં. હર્ષના આવેગપૂર્વક 'રત્નો આપ્યાં, રત્નો આપ્યાં'એમ સંભ્રમપૂર્વકનાં તેમનાં વચન સાંભળી શેઠ વિચારે છે કે 'શું કહેવું આ મુગ્ધ સ્ત્રીને? પથ્થર અને રત્નનો ફરક પણ એ સમજી શકતી નથી.' જમવાનું પતી ગયા પછી શેઠ ત્યાં ગયા. પથ્થરના બદલે રત્નો જોઈને ક્ષણવાર શેઠ આશ્ચર્ય પામ્યા. પત્નીની પાસે બેસીને ઘરેથી નીકળીને સાસરે જઈને ઘરે પાછા આવ્યા ત્યાં સુધીનો સમગ્ર વૃત્તાન્ત શેઠે જણાવ્યો. મુનિભગવન્તને દાન આપ્યાની વાત વિસ્તારથી સમજાવતાં કહ્યું કે 'હે પ્રિયે ! મુનિભગવન્તને દાન આપતી વખતે જે ભાવ આવ્યો હતો તેનું શું વર્ણન કરું ! એવો ભાવ

જો બીજીવાર કે ત્રીજીવાર આવે તો આ ભવભ્રમણનો અન્ત આવ્યા વિના નહીં રહે. ચોક્કસ જ કોઈ દિવ્ય પ્રભાવે અચિન્ત્ય એવા દાનધર્મના સામર્થ્યથી પથ્થરો રત્નરૂપે પરિણમ્યા છે.'

કહેવાનો આશય એટલો જ છે કે આ પ્રસંગ ઉપરથી સમજી શકાશે કે નિરાશંસભાવે (કોઈ પણ જાતના સાંસારિક ફળની ઈચ્છા વિના) કરાતા ધર્મથી પુણ્યાનુબંધી પુણ્ય બન્ધાય તોપણ તેના યોગે મળનારી પૌદ્ગલિક સુખ-સામગ્રીમાં ધર્માત્માને આસક્તિ થતી નથી. આ રીતે સુપાત્રદાન પણ પ્રચ્છન્નપણે આપવાનું લગભગ શક્ય બનતું નથી-આવી સ્થિતિમાં અનુકંપાદાન વગેરેની પ્રવૃત્તિ તો પ્રચ્છન્નપણે ક્યાંથી શક્ય બનવાની? નામનાદિનો મોહ જતો કરવામાં નહિ આવે તો સામાન્યધર્મમાં જેનો પ્રથમ નિર્દેશ છે તે 'પ્રચ્છન્ન પ્રદાન' સ્વરૂપ સામાન્યધર્મ કોઈ પણ રીતે આચરી શકાશે નહિ.

પ્રચ્છન્ન રીતે પ્રદાન કરતી વખતે આપણા ઘરે કોઈ આવે તો તેમને આવકાર આપવો જોઈએ-એ જણાવવા માટે શ્લોકમાં **गृहमुपगते सम्भ्रमविधि:** નો ઉપદેશ છે. સામાન્ય રીતે આપણે ત્યાં કોઈ પણ આવે છે ત્યારે તે કામવિશેષને કારણે આવે છે. તેમનું કામ આપણને હોય કે ના પણ હોય, પરન્તુ આપણું કામ તેમને હોય છે. આવી સ્થિતિમાં તેમનું કામ કરવાથી આપણને દાક્ષિણ્યગુણની પ્રાપ્તિ થાય છે, જે ધર્મસિદ્ધિનું બીજું લિઙ્ગ છે. **કોઈનું પણ ઉચિત કામ કરવાની વૃત્તિને દાક્ષિણ્ય કહેવાય છે.** આ વૃત્તિ હોય અથવા તો આ વૃત્તિ મેળવવાની ભાવના હોય તો ઘરે આવેલાને સમ્ભ્રમપૂર્વક આવકારી શકાય.

સામાન્ય રીતે કામ વગર આપણે ત્યાં આવવા માટે કોઈને સમય નથી. કંઈકિટલીય વિશેષતાને ધરનારા આત્માઓ જ્યારે જ્યારે આપણે ત્યાં આવે ત્યારે તેમનો સત્કાર વગેરે સમ્ભ્રમપૂર્વક કરવો- એ ગૃહસ્થનો સામાન્યધર્મ છે. કોઈ આવે ત્યારે, 'કેમ આવ્યા છો? કોનું કામ છે?...' વગેરે પ્રથમ જ પૂછવું એ ઉચિત નથી. કોઈ આવે ત્યારે, 'આવો ! બેસો ! ક્યાંથી આવો છો? કેમ આવવું થયું?...' વગેરે રીતે આવનાર વ્યક્તિને આવકારવી જોઈએ. 'આવો, આવો ! કેટલા દિવસે આવ્યા...' વગેરે રીતે કરાતા સત્કારને સમ્ભ્રમવિધિ કહેવાય છે. આવેલ વ્યક્તિને જોતાંની સાથે જ ''શું કરું ને શું ન કરું? !'' આવા પરિણામપૂર્વક તેનું જે આતિથ્ય કરવું તે સમ્ભ્રમવિધિ વ્યવહારમાં આ બધું ખૂબ જ પ્રસિદ્ધ છે. આ વિષયમાં ખરેખર જ કોઈને કશું જ સમજાવવાની જરૂર નથી. સંભ્રમ કોને કહેવાય એની આપણને બરાબર ખબર છે. માંદો માણસ હોય, શરીરની શક્તિ પણ ન હોય તોય માત્ર હોઠ ફફડાવીને અને આંખની નજરથી પણ સંભ્રમપૂર્વક આવકારતા હોઈએ છીએ. શરત એટલી જ છે કે આવનાર વ્યક્તિ ગમતી હોવી જોઈએ. સંભ્રમવિધિના પરીચય માટે નાના છોકરાઓ મામાને જે રીતે આવકારે છે-તેને યાદ રાખીએ તો સંભ્રમવિધિનો સ્પષ્ટ ખ્યાલ આવશે. ગૃહે આવેલાને બહુમાનની નજરે જોતાં થઈએ તો ચોક્કસ જ **'गृहमुपगते सम्भ्रमविधिः'** આ પદથી દર્શાવેલો સામાન્યધર્મ આરાધી શકાશે. બાકી તો દરેકને નકામા, ચોર-લૂંટારા, પડાવી લેનારા.... વગેરેની દૃષ્ટિએ જ જોઈશું તો ઉપર જણાવ્યા મુજબનો સંભ્રમવિધિસ્વરૂપ સામાન્યધર્મ પામી શકાશે નહિ.

આ રીતે ઘરે આવેલાનો સંભ્રમપૂર્વક સત્કાર કર્યા પછી તેમને જે પ્રિય-ઈષ્ટ છે; તે કાર્ય કરવાનો અવસર પ્રાપ્ત થાય છે. શક્તિ-અનુસાર એ કાર્ય કર્યા પછી મૌન ધારણ કરવા સ્વરૂપ ત્રીજો સામાન્યધર્મ છે. શ્લોકમાં **'प्रियं कृत्वा मौनम्'** આ પદોથી જણાવેલો આ સામાન્યધર્મ આમ જુઓ તો સરળ છે. પરન્તુ વર્ત્તમાન પરિસ્થિતિ જોતાં એમ લાગે છે કે-એ ધર્મ આચરવાનું પણ ઘણું અઘરું જણાય છે. લોકોત્તરધર્મની આરાધના કરવા માટે પ્રયત્નશીલ બનેલા આત્માઓ પણ જ્યારે કોઈનું પણ પ્રિય કરીને મૌન જાળવવા માટે સમર્થ બની શકતા નથી-એમ જોવા મળે ત્યારે **प्रियं कृत्वा मौनम्** - આ સામાન્યધર્મનો ઉપદેશ કરવા પાછળનો આશય સમજી શકાય છે. **કોઈનું પણ પ્રિય કરીને મૌન રહેવાથી આપણે સારા દેખાવાની વૃત્તિનો ત્યાગ થાય છે. અને પ્રિય કરવાથી સારા થવાની વૃત્તિ પ્રાપ્ત થાય છે. સારા થવાના બદલે સારા દેખાઈએ-એ માટેનો પ્રયત્ન ખરી રીતે ધર્મ નથી.** બહારથી ગમે તેટલો સારો ધર્મ કરીએ, પરન્તુ તે જો સારા દેખાવા માટે હોય તો તે ધર્મનો કોઈ અર્થ નથી. **સારા થવા માટે સારા દેખાવાની વૃત્તિ ઉપર નિયંત્રણ મૂકવાની સૌથી પ્રથમ આવશ્યકતા છે,** જે **प्रियं कृत्वा मौनम्** - આ સામાન્યધર્મથી શક્ય છે. **જ્યાં સુધી સારા દેખાવાની વૃત્તિ પડી હશે ત્યાં સુધી સારા થઈએ-એ વાતમાં કોઈ તથ્ય નથી.** લાંચ આપ્યા પછી જેમ કોઈને કહેતા નથી, તેમ આપણે સારું કર્યું હોય-એ કોઈને કહેવું નહિ. ''સારું કામ કરીએ અને કોઈ ના જાણે તો કામની કિંમત શી?'' આવી માન્યતા જ પ્રિય

કર્યા પછી મૌન રહેવામાં આડે આવતી હોય છે. ભારે વિષમ સ્થિતિ છે ! આજે પ્રિય કર્યા વિના પણ સારા દેખાવા માટે મોટા ભાગે આડકતરી રીતે જ્યાં પ્રયત્ન થતો હોય ત્યાં **'प्रियं कृत्वा मौनम्'** આ સામાન્યધર્મ સુધી પણ પહોંચવાનું કેટલું અઘરું છે-એ સમજી ન શકાય એવી વાત નથી. વિચિત્રતા તો એ છે કે પ્રિય કર્યા પછી મૌન જાળવવાને બદલે આપણી ઉપર કોઈએ ઉપકાર કર્યો હોય ત્યારે આપણે મૌન જાળવીએ છીએ. સાવ જ વિપરીત દશા છે આ જીવનની !

આથી જ શ્લોકમાં **सदसि कथनं चाप्युपकृते:**-આ પ્રમાણે ચોથા સામાન્યધર્મનો ઉપદેશ કર્યો છે. ''આપણી ઉપર કોઈએ ઉપકાર કર્યો હોય તો ખાનગીમાં જ નહિ, સભામાં પણ કહેવું'' - આ ચોથો સામાન્યધર્મ છે. આ ધર્મના કારણે આપણે 'કૃતજ્ઞતા' ગુણને પ્રાપ્ત કરી શકીએ છીએ. ધર્મસિદ્ધિ માટે કૃતજ્ઞતા ખૂબ જ જરૂરી સાધન છે. ધર્મની સાધનાના કાળમાં ગુર્વાદિકે કરેલા ઉપકારોને અવસરે અવસરે જણાવીએ નહિ તો ગુર્વાદિક આપણને નગુણા માનીને આપણી ઉપેક્ષા કરશે. લોકોત્તર મોક્ષમાર્ગની આરાધના કરવાની ભાવનાવાળા આત્માઓ પૂ. ગુરુદેવશ્રીનું મહત્ત્વ સારી રીતે સમજે છે. ખરી રીતે તો **પૂ. ગુરુ-ભગવન્તનું પારતન્ત્ર્ય કેળવ્યા વિના મોક્ષમાર્ગની આરાધનાનો પ્રારંભ જ થતો નથી.** કોઈ કારણસર પૂ. ગુરુભગવન્ત ઉપેક્ષા કરે તો આપણું શું થાય-એની કલ્પના પણ આત્માર્થીજનો માટે ભયંકર છે. આ અસાર સંસારમાં ઈષ્ટ વસ્તુને મેળવી આપનારા અને અનિષ્ટને દૂર કરાવી આપનારા આપણા

ઉપકારી જનો છે. તે ઉપકારી જનોએ કેવી વિષમસ્થિતિમાં આપણી ઉપર અનુગ્રહ કર્યો છે-એ નિરન્તર યાદ રાખી અવસરે અવસરે સભાજેવા જાહેરસ્થાનમાં પણ એ જણાવવું જોઈએ. આપણે કેવા હતા અને અત્યારે કેવા છીએ-એ બેનો વિચાર કરીએ તો સમજાશે કે આપણી ઉપર તે તે પુણ્યાત્માઓએ કેવા અને કેટલા ઉપકાર કર્યા છે. એને જાહેરમાં પણ કહેવા જેટલું સૌજન્ય આપણે કેળવી શકતા ન હોઈએ તો પારમાર્થિક રીતે ધર્મ કરવાની આપણામાં કોઈ યોગ્યતા નથી-એ માન્યા વિના ચાલે એવું નથી. ઉપકારીએ કરેલા ઉપકારોને આ રીતે યાદ કરવાના બદલે તેમના અવર્ણવાદ કરવાનું જ્યારે શરૂ થાય છે ત્યારે તો ખૂબ જ વિકટ પરિસ્થિતિ સર્જાય છે. ઉપકારોને સભામાં પણ આ રીતે વર્ણવવાથી તેવી વિકટ સ્થિતિ સર્જાતી રહી જાય છે. સામાન્ય-જીવનમાં પ્રાપ્ત કરેલા આ ધર્મના કારણે ભવિષ્યમાં લોકોત્તરધર્મની આરાધના ખૂબ જ સારી રીતે કરી શકાય છે. કંઈકિટલાય લોકોની સહાયથી ચાલતા જીવનપ્રવાહમાં 'કૃતજ્ઞતા' કેળવવાનું ખૂબ જ જરૂરી છે. અવસરે અવસરે યોગ્ય રીતે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં ઉપકારીઓનું નિરન્તર સ્મરણ રહે તો સભામાં પણ તે તે ઉપકારોને જણાવતાં તકલીફ ન પડે. આપણે કોઈની ઉપર ઉપકાર કરીએ છીએ-એ વિચારવાના બદલે આપણી ઉપર ઘણાના ઉપકાર છે-એ વિચારવું જોઈએ. **આપણા ઉપકારોના ભારથી કોઈને દબાવવા કરતાં બીજાના ઉપકારોના ભારથી ખરેખર આપણે દબાઈએ તો અહંકારથી દૂર રહી શકાય.** એ જાતનો અહંકાર આપણી કૃતજ્ઞતાનો અવરોધક છે. આપણે

આપણા વીતેલા જીવનનો ખૂબ જ શાંતિથી વિચાર કરવાની જરૂર છે. કંઈકિટલાય જીવોએ આપણી ઉપર ઉપકાર કર્યો છે. એનો વિચાર કરી અવસરે સભાની વચ્ચે પણ વર્ણવવાનું યાદ રાખવું જોઈએ. સામાન્યધર્મના પણ પાલનની ઉપેક્ષા અન્તે તો લોકોત્તર-વિશિષ્ટધર્મની ઉપેક્ષાનું જ કારણ બનશે. આત્મિક કે ભૌતિક વિકાસ-માત્રનો અવરોધક અહંકાર છે. ઉપર જણાવ્યા મુજબ કૃતજ્ઞતાની પ્રાપ્તિ દ્વારા એ અહંકારને દૂર કરવા માટે '**सदसि कथनं चाप्युपकृते:**' આ સામાન્યધર્મ ખૂબ જ અદ્‌ભુત સાધન છે.

પાંચમા સામાન્યધર્મનું વર્ણન કરતી વખતે શ્લોકમાં ફરમાવ્યું છે કે '**अनुत्सेको लक्ष्म्या...**' આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ કૃતજ્ઞતાના કારણે કૃતજ્ઞજનોને ખૂબ જ સરળતાથી લક્ષ્મી-સમ્પત્તિ-વિભૂતિ પ્રાપ્ત થતી હોય છે. એવા વખતે 'લક્ષ્મીનો મદ કરવો નહિ'-એ સામાન્યધર્મ છે. આમ પણ; કોઈ પણ વસ્તુનો મદ કરવાની જરૂર નથી. દરેક આત્માઓ શુદ્‌ધસ્વરૂપની અપેક્ષાએ એક જ જાતના સ્વરૂપને ધરનારા છે. જે કાંઈ થોડોઘણો ફરક પડે છે તે કર્મના ઉદયને આશ્રયીને પડે છે. એ વિચિત્રતા કર્મને આભારી છે. ખરી રીતે તો તેની સાથે આત્માને કોઈ સંબંધ નથી. આવી કર્મની વિચિત્રતાના કારણે અનુભવાતી વિષમ-સ્થિતિને આગળ કરી 'હું મહાન છું', 'મારા જેવો કોઈ નથી.'-આવું વિચારવું-તે એક જાતનું ભારે અજ્ઞાન છે. જ્ઞાનીઓની નજરે એવો કોઈ ભેદ નથી. આમ છતાં પ્રાપ્ત થયેલી લક્ષ્મીમાં અજ્ઞાનાદિના કારણે ઉત્સેક-અહંકાર (ગર્વ) મોટા ભાગે થતો હોય છે; તેથી સામાન્યધર્મના વર્ણનમાં

**‘अनुत्सेको लक्ष्म्या:’** -આ પ્રમાણે ફરમાવ્યું છે. **પુણ્યથી ગમે તેટલી સંપત્તિ મળે તોપણ તે શાશ્વત નથી; જીવનની અંતિમ અવસ્થા સુધી કદાચ ટકી જાય તોપણ આપણે તેને છોડીને જવાનું છે**-એ ભૂલવું ના જોઈએ. અનિત્ય-ચંચળ અને વિનશ્વર એવી લક્ષ્મીનો ઉત્સેક કરવાનું વાસ્તવિક કોઈ જ કારણ નથી. પુણ્યથી મળનારી કોઈ પણ વસ્તુની અપેક્ષા જ્યાં રાખવાની નથી ત્યાં પુણ્યથી મળનારી વસ્તુમાં ઉત્સેક-ગર્વ થાય, એ તો ખૂબ જ વિચિત્ર છે. **કોઈ પણ વસ્તુનો ગર્વ; આત્માને તે તે પ્રકૃષ્ટ વસ્તુની પ્રાપ્તિથી વંચિત રાખે છે.** પ્રશસ્ત જ્ઞાનાદિગુણોનો પણ ઉત્સેક કરવાનો નિષેધ કરાયો છે-આનો જેને ખ્યાલ છે તે આત્મા સારી રીતે સમજી શકે છે કે લક્ષ્મીજેવી તુચ્છ વસ્તુમાં કોઈ પણ રીતે ગર્વ કરવાજેવો નથી. અનન્તજ્ઞાનીઓ જેને અનર્થરૂપે વર્ણવે છે-એ અર્થની પ્રાપ્તિમાં ગર્વ કરવો, તે સામાન્યગૃહસ્થ માટે પણ ઉચિત નથી. ગૃહસ્થજીવનમાં લક્ષ્મી વિના ચાલતું નથી, પરન્તુ એથી, પ્રાપ્તલક્ષ્મીમાં ઉત્સેક-ગર્વ કરવાનું ઉચિત નથી. **અસારનો ગર્વ આત્માને નિ:સાર કરે છે.** તેથી પાંચમા સામાન્યધર્મરૂપે **अनुत्सेको लक्ष्म्या:’** -આ પ્રમાણે ફરમાવ્યું છે. ત્યાર બાદ **‘निरभिभवसारा: परकथा:’** -આ છઠ્ઠા સામાન્યધર્મને વર્ણવ્યો છે.

આશય એ છે કે-ઉપર જણાવ્યા મુજબ ગમે તેટલી લક્ષ્મી મળે તોપણ તેના વિષયમાં ઉત્સેક ન કરવાનું જેમ જરૂરી છે તેમ બીજાના વિષયમાં તિરસ્કાર નહિ કરવાનું પણ એટલું જ આવશ્યક છે. આપણે ગર્વ ના કરીએ-એ તો બરાબર છે, પરન્તુ સાથે સાથે બીજાનો તિરસ્કાર કે અપમાન કરવાનું પણ ઉચિત

નથી-એ યાદ રાખવું જોઈએ. કારણ કે ગર્વ કરવાની શરૂઆત જ બીજાના તિરસ્કારાદિથી થતી હોય છે. પોતાની જાતને છોડીને અન્ય વ્યક્તિઓ પર છે. આમ જોઈએ તો એ બધાની વાત કરવાની ખરી રીતે જરૂર નથી. પરન્તુ કોઈ વાર સંયોગવશ એવી કથાનો પ્રસંગ આવે તો એની કાળજી રાખવી કે, એ કથામાં બીજાનો પરાભવ-તિરસ્કાર કરવાની ભાવના ન હોવી જોઈએ. મોટા ભાગે આવી પરકથાઓમાં તે તે વ્યક્તિને ઉતારી પાડવાની ભાવના પ્રબળ હોય છે. આવા પ્રકારની ભાવનાવાળા આત્માઓ જે પરકથા કરે છે-તે પરકથાઓને અભિભવ (પરાભવ) સારકથાઓ કહેવાય છે. એ કથાનો ત્યાગ કરી નિરભિભવસાર જ પરકથા કરવી-તે સામાન્યધર્મ છે. બીજાને ઉતારી પાડવાની વૃત્તિ ખૂબ જ તુચ્છ વૃત્તિ છે. આવી વૃત્તિના કારણે કોઈ પણ સારા માણસો તેમની સાથે વાત પણ કરતા નથી. તેથી કોઈ પણ ગુણની પ્રાપ્તિ થાય-એવા સંયોગો રહેતા નથી. **પરદોષદર્શનની પ્રવૃત્તિ બન્ધ થાય તો પરાભિભવવાળી કથા કરવાથી દૂર રહેવાનું સરળ બને.** આપણો ભૂતકાળ યાદ કરીએ તો બીજા કોઈના દોષો જોવાનું કારણ જ નહિ રહે. અન્તે તો આપણે સૌ કર્મપરવશ છીએ ને? કર્મના યોગે ઓછા-વધતા પ્રમાણમાં આપણે દોષના ભાજન બનેલા છીએ જ. બીજાના દોષો જોવાના બદલે શક્ય પ્રયત્ને આપણે આપણા દોષોને દૂર કરવા પ્રયત્નશીલ બનીએ-એ આશયથી પરકથાનું વર્જન કરીએ તો **'निरभिभवसारा: परकथा:'** -આ સામાન્યધર્મનું આચરણ સહેલાઈથી કરી શકાય. જીવનમાં આ પરમતારક ધર્મનું પાલન ખૂબ જ ચીવટપૂર્વક કરવું જોઈએ. સારામાં સારી રીતે

સર્વવિરતિધર્મની કઠોર સાધના કરનારા મહાત્માઓ પણ આ સામાન્યધર્મના પાલનની ઉપેક્ષાના કારણે સિદ્ધિથી વંચિત રહે છે. **વિકથાનો રસ ખરેખર જ ભયંકર છે.** પરકથા એક પ્રકારની વિકથા જ છે. એમાં પણ પરના અભિભવવાળી પરકથા તો મહાભયંકર છે. કોઈ પણ રીતે એનો ત્યાગ કરવાનું મુમુક્ષુ આત્માઓ માટે અનિવાર્ય છે.

શ્લોકના અન્તે **'श्रुते चाऽसन्तोषः'** -આ પદથી સાતમા સામાન્યધર્મનું વર્ણન કર્યું છે. ઉપર જણાવ્યા મુજબ પરકથાથી નિવૃત્ત મુમુક્ષુજનોને લોકોત્તરધર્મની પ્રાપ્તિ માટે પરમતારક પૂ. ગુરુદેવાદિ પાસે ધર્મશ્રવણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. સામાન્યધર્મના આચરણથી વિશિષ્ટ લોકોત્તર ધર્મની પ્રાપ્તિ માટે પરમતારક ધર્મનું શ્રવણ એ એક અદ્ભુત સાધન છે. ભવનિસ્તારક પરમતારક ગુરુદેવશ્રી પાસે જો તત્ત્વ સાંભળવા મળતું હોય તો પુસ્તકવાંચનાદિથી તત્ત્વજ્ઞાન મેળવવાની ઈચ્છા કરવાનું ખરી રીતે કોઈ કારણ નથી. **તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ તત્ત્વશ્રવણથી કરવાના બદલે પોતાની મેળે ગ્રંથવાંચનાદિથી જ્ઞાન પ્રાપ્ત કરવાની ભાવનામાં ગુરુનિરપેક્ષતા જણાતી હોય છે, જે કોઈ પણ રીતે હિતાવહ નથી.** વર્ત્તમાનની અધ્યયન-અધ્યાપનની પદ્ધતિ એ રીતે વિચારીએ તો બહુ લાભદાયક નથી. ખૂબ સૂક્ષ્મદષ્ટિએ વિચારીએ તો થોડી અહિતકારિણી પણ લાગ્યા વિના નહિ રહે. જ્ઞાનની સાથે ગુરુની સાપેક્ષતા પણ વધવી જોઈએ, એના બદલે ગુરુનિરપેક્ષતા વધે તો એનું કારણ શોધી લેવું જોઈએ. ખૂબ જ વિચિત્ર પરિસ્થિતિ

છે આજે સાધનામાર્ગની ! **સમગ્ર ગુણના મૂળમાં ગુરુસાપેક્ષતા વર્ણવી છે.** પરન્તુ આજે મોટા ભાગે એ અંગે જ દુર્લક્ષ્ય સેવાય છે. સામાન્યપણે પણ જ્યારે યોગનો પ્રારંભ થાય છે, ત્યારે શુશ્રૂષાગુણના કારણે તત્ત્વશ્રવણની પ્રવૃત્તિનો પણ પ્રારંભ થતો હોય છે. કાલાન્તરે શરૂ થયેલી એ પ્રવૃત્તિ સાતત્યપૂર્ણ બને છે. જોનારને એમ જ લાગે કે સાંભળવામાં ધરાતા નથી. જ્યારે પણ તત્ત્વશ્રવણની તક મળે ત્યારે કોઈ પણ રીતે તે તકને જતી કરતા નથી. આવી શ્રવણની પ્રવૃત્તિના કારણે ‘શ્રવણમાં અસન્તોષ છે’–એમ કહી શકાય. સંસારમાં અર્થ અને કામમાં અસંતોષ મોટા ભાગે અનુભવાય છે, પરન્તુ શ્રવણમાં આવો અસન્તોષ અનુભવાતો નથી. પ્રાયઃ કરી શ્રવણમાં સન્તોષ જ અનુભવાય છે. સામાન્ય રીતે માંડ એકાદ કલાક વ્યાખ્યાન સાંભળવા મળતું હોય છે. એમાં પણ નિયમિત રીતે સાંભળવાનું બનતું નથી. જે પણ સંભળાય છે તેમાં પણ પૂર્ણ સન્તોષ થતો હોય છે. ‘આજે બસ, હવે આવતી કાલે’ આવો ભાવ લઈને જતા રહીએ છીએ. આ બધાં લક્ષણો શ્રુતિશ્રવણના અસન્તોષને જણાવનારાં નથી, પરન્તુ શ્રવણના વિષયમાં સન્તોષને જણાવનારાં છે. આથી સમજી શકાશે કે **શ્રુતે चाऽसन्तोषः** આ સામાન્યધર્મ પણ કેટલો દુષ્કર છે.

ધર્મસાધનાના પ્રારંભકાળથી જ આવા સામાન્યધર્મની વાસ્તવિક પ્રાપ્તિ કરી હોત તો વિશેષધર્મની સાધનાના અવસરે કોઈ તકલીફ ઊભી થાત નહિ. **લોકોત્તરધર્મના આરાધકોને પણ જ્યારે આ સામાન્યધર્મને યાદ કરાવવો પડે ત્યારે પરિસ્થિતિની**

**વિષમતાનો બરાબર ખ્યાલ આવે છે.** સામાન્યધર્મનું વર્ણવેલું આ સ્વરૂપ મુમુક્ષુ આત્માઓએ નિરન્તર યાદ રાખવું જોઈએ. નિસર્ગથી જ આવા સામાન્યધર્મની પ્રાપ્તિ ઉત્તમ કુળમાં જન્મેલા પુણ્યાત્માઓએ થતી હોય છે. અનભિજાત (ઉત્તમકુળમાં નહિ જન્મેલા) પુરુષોને તો એ સામાન્યધર્મની પ્રાપ્તિ થતી નથી.

## : પરિશિષ્ટ:

## : નૂતનવર્ષના પ્રારંભે અપાયેલી હિતશિક્ષા:

(વાચનાદાતા : **પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ. મ.**)

મુંબઈ-લાલબાગ કા.સુ.૧, ૨૦૫૫

આપણી વર્ત્તમાનસ્થિતિ સંતોષજનક નથી. વરસોથી ધર્મ કરનારાને વર્ત્તમાનસ્થિતિમાં સંતોષ ન હોવા છતાં એ સ્થિતિમાંથી મુકાવાનો કોઈ પુરુષાર્થ પણ ચાલુ નથી. થોડાઘણા સુખના ટુકડા મળે, માટે લાગ્યા કરે કે સારું ચાલે છે, બાકી એમાં સંતોષનો અનુભવ નથી. પછી એ સુખ ઔદયિકભાવનું

હોય કે ક્ષયોપશમભાવનું હોય : બેમાંથી એકે સુખની પરાકાષ્ઠા અહીં ન હોવાથી સંતોષ અનુભવાય એવું નથી. અપ્રશસ્તમાર્ગે પૈસા વગેરેનું સુખ જોઈએ છે અને પ્રશસ્તમાર્ગે ચાલનારને જ્ઞાનનું-ક્ષયોપશમભાવનું-સુખ જોઈએ છે. પરંતુ હાલત એ છે કે અપ્રશસ્તમાર્ગે પુણ્ય પાંગળું પડે છે અને પ્રશસ્તમાર્ગે પુરુષાર્થ પાંગળો પડે છે. પુણ્યથી જેટલું ધન અને જેટલા પાંચે ય ઈંદ્રિયોના વિષયો મળ્યા છે તેમાં કદાચ અસંતોષ નથી એમ માની લઈએ પણ એથી લોભ પણ નથી-એવું માની શકાય એમ નથી. જેટલું મળ્યું છે એટલું બસ છે-એવું કદાચ લાગે, પરંતુ આના કરતાં વધારે નથી જોઈતું-એ પરિણામ હજુ જાગ્યો નથી. જો આથી વધુ મળે તો લેવાની તૈયારી છે.

સ. પણ ખાતરી છે કે વધુ મળવાનું નથી..

ના, એવું પણ નથી. ઊલટું અત્યાર સુધીમાં આપણા પુરુષાર્થ કરતાં કે ધાર્યા કરતાં વધુ મળ્યું છે-એવું જ મોટેભાગે જોવા મળે છે-આપણો પુરુષાર્થ કેવો અને એની સામે સિદ્ધિ કેવી? આપણું વર્ત્તન અને આપણા મનના પરિણામ તપાસીએ તો ભૂતકાળ કરતાં વર્ત્તમાનમાં આપણને ઘણું મળ્યું છે. પછી એ સિદ્ધિ ઔદયિકભાવની હોય કે ક્ષયોપશમભાવની ! પણ ભવિતવ્યતાએ આપણને ખોબે ખોબે ભરીને આપ્યું છે-એમાં ના પડાય એવું નથી. પ્રશસ્તમાર્ગે વિચારીએ તો ભૂતકાળના જ્ઞાન કરતાં વર્ત્તમાનમાં આપણી પાસે જ્ઞાનનો ઢગલો થયો છે. આપણા જેવાને આટલી અક્કલ મળવી-એ પણ એક આશ્ચર્ય માનવું પડે. આવી અવસ્થામાં આવ્યા પછી પ્રશસ્તમાર્ગે જ્ઞાન

વધારવાની જરૂર છે અને અપ્રશસ્તમાર્ગે લોભ ઘટાડવાની જરૂર છે. તેના બદલે આજે ઊંધી દશા છે. જ્ઞાનનો પુરુષાર્થ મંદ પડતો જાય છે અને ધનનો લોભ ઘટતો નથી-પુણ્યના યોગે જેટલું મળ્યું છે, તેનાથી વધુ મળે એવી અપેક્ષા કદાચ ન હોય એવા હજુ ઘણા મળી આવશે પણ એવાઓનો પણ લોભ તો બેઠેલો જ છે.

સ. જેટલા અંશે અપેક્ષા ઘટી એટલા અંશે તો સુખનો અનુભવ થાય ને?

અપેક્ષા ઘટી એ વાત સાચી પણ સાથે લોભ પણ પડ્યો છે-એય એટલું જ સાચું છે. 'આના કરતાં વધારે મળે તો સારું' એવી અપેક્ષા ન હોવા છતાં 'આના કરતાં વધારે જોઈતું નથી' આવો પરિણામ ન હોવાથી લોભ પડેલો જ છે અને તેથી જ સંતોષનો અનુભવ નથી થતો. સંતોષગુણ લોભના ત્યાગમાંથી આવે છે. જે છે એને પણ છોડવાની તૈયારી હોય તો સંતોષના સુખને અનુભવી શકે. જે નથી મળ્યું એના માટે પણ 'જોઈતું નથી' એવો પરિણામ ન હોય એવાને; જે છે એ છોડવાની વાત ક્યાંથી જચે? માટે જ આપણે અહીંથી શરૂઆત કરવી પડે છે. જેટલું છે એનાથી વધુ નથી જોઈતું આટલો પરિણામ પણ ત્યારે જ આવે કે જ્યારે લોભ મંદ પડ્યો હોય. અને આ લોભ મંદ ન પડે ત્યાં સુધી સંતોષનું સુખ અનુભવી શકાય નહિ. તમારે ત્યાં એ હાલત છે અને અમારે ત્યાં પણ એ જ હાલત છે. જ્ઞાન મેળવવા માટે પુરુષાર્થ મંદ પડતો જાય છે. કારણ કે તેમાં કષ્ટ ઘણું પડે છે. જ્ઞાન માટે ભણવું પડે, વિનય કરવો પડે, વૈયાવચ્ચ

કરવી પડે, ગુરુપારતંત્ર્ય કેળવવું પડે, ગુરુનાં બધાં કામ કરવાં પડે... આ બધાં દુઃખોને વેઠવાની તૈયારી નથી, એના કારણે જ્ઞાનની ઉપેક્ષા શરૂ થઈ ગઈ છે. જે અર્થીપણાથી સાધુપણામાં આવ્યા હતા, તેના માટે પણ દુઃખ વેઠવાની તૈયારી નથી, સુખ છોડવાની તૈયારી નથી તેથી જ જ્ઞાન નથી મળ્યું છતાં પુરુષાર્થ કરવાની ઈચ્છા નથી થતી. સુખ માટે પુણ્ય ઓછું પડે છે અને જ્ઞાન માટે પુરુષાર્થ ઓછો પડે છે. આ રીતે પુણ્ય અને પુરુષાર્થ વચ્ચે આજનો ધર્મી ગણાતો વર્ગ ભીંસાયા કરે છે. 'વધારે જોઈતું નથી' આવો સંકલ્પ જ નથી અને 'દુઃખ વેઠી લેવું છે' આવો અધ્યવસાય નથી, તેથી જ ગૃહસ્થ અને સાધુ બંન્ને દુઃખી છે. પોતાનો પુણ્યોદય ઓછો છે-એ બધાને ખબર છે. પોતે આટલા પૈસા આટલી મહેનતે કમાય છે જ્યારે બીજા, એનાથી કંઈકગણા પૈસા ઓછી મહેનતે કમાય છે. પેલો દિવસે જેટલું કમાય છે તેટલું પોતાને મહિનામાં પણ નથી મળતું, પેલો મહિનામાં જેટલું કમાય છે તેટલું વરસમાં પણ નથી મળતું... એનું દુઃખ સાલે છે પણ એનું કારણ વિચારવા મહેનત નથી કરતા. તેનું કારણ વિચાર્યું હોત તો, 'પુણ્ય ઓછું હોય તો ન મળે' એમ કહીને શાંતિથી બેસત. મળ્યું છે એમાં પણ સંતોષ તે માની શકે કે જેને, મળ્યું છે તેનાથી વધુની અપેક્ષા ન હોય.

આપણને જે સંયોગો મળ્યા છે તે ખરેખર ઊજળા છે. એ ઊજળા સંયોગો ગમતા નથી માટે પુરુષાર્થના દુઃખને આગળ કરી સાધનામાંથી પાછા પડીએ છીએ. આજના આ દિવસે આપણને આટલું સમજાઈ જાય તો આજનો દિવસ આપણા

માટે મહત્ત્વનો બને. આજથી નવું વરસ શરૂ થાય છે માટે આપણે ત્યાં આજના દિવસનું મહત્ત્વ નથી. આપણા પહેલા ગણધરભગવંત ગૌતમસ્વામી મહારાજાના કેવળજ્ઞાનનો આ પવિત્ર દિવસ હોવાથી જ આજનો દિવસ ઊજવીએ છીએ. દીક્ષા લેતાંની સાથે જ પહેલા જ દિવસે જે કેવળજ્ઞાન જોઈતું હતું, ત્રીસ-ત્રીસ વરસ જેની ઝંખનામાં ઝૂરીઝૂરીને કાઢ્યાં હતાં, તે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિનો આ શુભદિવસ હોવાથી આપણા માટે આ દિવસ મહત્ત્વનો છે. પહેલા જ દિવસે કેવળજ્ઞાન મળે એવી તીવ્ર ઝંખના હોવા છતાં ત્રીસ વરસ સુધી એની સાધના કરવી પડી તોય તેમના પુરુષાર્થમાં જરાય મંદતા નથી આવી. ચાર જ્ઞાનના ધણી હોવા છતાં, નિયમા તદ્ભવમુક્તિગામી હોવા છતાં ત્રીસ વરસ સુધી એકધારો પુરુષાર્થ કેવળજ્ઞાન માટેનો ચાલુ હતો. પોતે જેને દીક્ષા આપે તે કેવળજ્ઞાન પામી જાય. પોતાના શિષ્યો કેવળી-પર્ષદામાં જઈ બેસે અને પોતાને પ્રતિક્રમણ કરવા માટે ગોઠવાવું પડે છતાં એનો રંજ ન હતો કે શિષ્યોને જોઈને ઈર્ષ્યા થતી ન હતી. પોતાને પ્રતિક્રમણ કરવા માટે બેસવું પડે અને પોતાનો શિષ્ય કેવળીપર્ષદામાં ગોઠવાય : આપણે તો આવા અવસરે માથું, હાથ-પગ પછાડવા બેસી જઈએ ! બીજા કેવળજ્ઞાન પામે એની એમને અરતિ ન હતી, પોતાને કેવળજ્ઞાન નથી મળતું-એની જ અરતિ એમને હતી. તેમનો પુરુષાર્થ અને તેમની સાધના જોઈને આપણે આપણા પુરુષાર્થને મજબૂત બનાવ્યા વગર નહિ ચાલે. ગુણ ન મળવાના કારણે આપણે દુઃખી નથી, ગુણ જોઈતા જ નથી માટે આપણે

દુઃખી છીએ. ગૌતમસ્વામી મહારાજાને ગુણ ન મળવાનું દુઃખ હતું. તેમને ગુણની તાલાવેલી હતી, પણ ઈર્ષ્યા ન હતી. ગુણની તાલાવેલી એ જુદી વસ્તુ છે અને ઈર્ષ્યા એ જુદી વસ્તુ છે. ગુણની તાલાવેલી ગુણની નજીક લઈ જવાનો પુરુષાર્થ કરાવે છે અને ગુણની ઈર્ષ્યા ગુણથી દૂર ઘસડી જાય છે. પેલા ચઢી ગયા, એનું દુઃખ થાય-એ ગુણની ઈર્ષ્યા છે. અને હું રહી ગયો, એનું દુઃખ હોય-તે ગુણની તાલાવેલી છે. આજે તો શેઠ કરતાં જો નોકર ચઢી જાય તો શેઠને તેના પ્રોગ્રામમાં જતાં શરમ આવે ! ગૌતમસ્વામી મહારાજને ઈર્ષ્યા ન' તી પણ તાલાવેલી હતી. તેથી જ તેઓ આવશ્યકાદિ ક્રિયાઓ કરતા હતા. જે સૂત્રો પોતે બનાવ્યાં છે એ સૂત્રોથી પોતાને પ્રતિક્રમણ કરવાનો વખત આવવા છતાં એનો સંકોચ રાખ્યા વિના પોતાનો પુરુષાર્થ ચાલુ રાખ્યો તો કેવળજ્ઞાન મેળવ્યું. તેઓશ્રીનો એ પુરુષાર્થ આપણે મેળવવો છે. તેઓશ્રીની સાધનામાં કોઈ વિક્ષેપ ન પડ્યો, પુરુષાર્થ અખંડપણે ચાલુ રાખ્યો તો ૩૦ વરસે પણ સિદ્ધિ મેળવી. તેમને ગુણ પ્રાપ્ત કરવાનો બાકી ન હતો માત્ર દોષ કાઢવાનો બાકી હતો. રાગને દૂર કરવા માટે મહેનત ભલે ન કરી પરંતુ રાગ વધે એવો પણ પુરુષાર્થ નથી કર્યો. ત્રીસ વરસ પહેલાં જે રાગ હતો, એ જ રાગ અંત સુધી હતો. પહેલાં કે અંતે એક જ સરખો રાગ હતો. આટલું જાણીને પણ આપણા દોષોનો ઢગલો વધ્યા કરે એ કેટલી વિષમ દશા છે? કમસે કમ દોષો વધે નહિ એટલો પુરુષાર્થ પાંગળો ન બને એવી મહેનત આજના દિવસે કરી લેવી છે. ગૃહસ્થોએ, મળેલું પુણ્ય પાપમાં ન ફેરવાઈ જાય એના માટે પુરુષાર્થ કરવાની જરૂર છે અને સાધુસાધ્વીએ દોષ ટાળવા માટે

મળેલા સંયોગો દોષ વધારનારા ન બને તે માટેનો પુરુષાર્થ કરવાની જરૂર છે. પુરુષાર્થને મજબૂત બનાવવો હશે તો ગુણની ઈર્ષ્યા ટાળીને ગુણની તલપ જગાડવી પડશે. કેવળજ્ઞાન મળે કે ન મળે પણ કેવળજ્ઞાનની ઈચ્છા મરી જાય એ કેમ ચાલે? સિઝનમાં ટિકિટ મેળવવા માટે જેવી પડાપડી તમે કરો છો એવી પડાપડી અહીં કેવળજ્ઞાન માટે અમે કરીએ તો જ મનાય કે પુરુષાર્થ ચાલુ છે. કેવળજ્ઞાનનો પુરુષાર્થ નબળો પડે એવો એકે પુરુષાર્થ નથી કરવો. શારીરિક ચિકિત્સા કરાવતી વખતે રોગ હોવા છતાં વધે નહિ, વકરે નહિ તેની કાળજી સતત રાખો અને અહીં દોષોનો ઢગલો વધ્યે જાય એની કાળજી ન રાખો-એ વ્યાજબી નથી. અપ્રશસ્તમાર્ગમાં પુણ્ય ઓછું પડે તો એને વધારવાનું મન પણ થાય, એને માટે મહેનત પણ થાય. જ્યારે આપણો પુરુષાર્થ ઓછો પડે છે એમ જાણ્યા પછી તેને વધારવાની ઈચ્છા ક્યારે થઈ અને એ માટે મહેનત ક્યારે કરી? જોકે આજે ગૃહસ્થોએ પણ પુણ્ય વધારવાને બદલે તેને પાપમાં ફેરવવાનું કામ શરૂ કરી દીધું છે. એમ અમારાં સાધુસાધ્વીઓએ પણ દોષને ટાળવાના બદલે દોષને વધારવાનો પુરુષાર્થ આદર્યો હોય-એવી જ સ્થિતિ મોટેભાગે જણાય છે.

ગૌતમસ્વામી મહારાજને પહેલા જ દિવસે કેવળજ્ઞાન જોઈતું હતું પણ તે ન મળ્યું તો એનો પુરુષાર્થ બંધ નથી કર્યો કે કેવળજ્ઞાનની ઈચ્છા પણ મંદ પડી ન હતી. ઊલટું દિવસે દિવસે ઈચ્છા તીવ્ર બનતી હતી અને પુરુષાર્થ વધ્યા કરતો હતો. પોતાની પાસે અનેક શિષ્યો હોવા છતાં પોતાના ગુરુભગવંતની

ગોચરી લેવા માટે પોતે જતા ! આવા ગણધરભગવંત આપણને મળ્યા. આજે તો એકાદ-બે શિષ્ય મળી જાય તો પાટના પાયા સાચવીને બેસી રહે. આપણે એવું નથી કરવું. ગમે તેટલા શિષ્યો હોય પણ પોતાના ગુરુનું કામ કરવામાં શરમ આવવી ન જોઈએ. જો શરમ આવે તો તેની સાધના અટકી પડે. ગૌતમસ્વામી મહારાજે ત્રીસ વરસ સુધી સાધના અપ્રમત્તપણે ચાલુ રાખી હતી. પોતાને સાધના કરવી પડે છે-એની એમને અસમાધિ ન હતી પરંતુ કેવળજ્ઞાન ન મળ્યાની એમને અસમાધિ હતી. આખા ગામને નિર્યામણા કરાવનાર ગૌતમસ્વામી મહારાજને સમાધિ આપવા કે આશ્વાસન આપવા માટે ભગવાનને વચ્ચે પડવું પડે-એવી એમની અસમાધિ હતી. અને વાત પણ સાચી છે કે યોગ્યને સમાધિ આપવાનું કામ પણ યોગ્ય જ કરી શકે. અને એનું પરિણામ પણ સારું આવ્યા વિના ન રહે.

સ. ગૌતમસ્વામી મહારાજને તો માત્ર કેવળજ્ઞાન મેળવવાનું બાકી હતું. અમારે તો હજુ ઘણું-બધું મેળવવાનું બાકી છે.

જ્યાંથી બાકી હોય ત્યાંથી પ્રયત્ન શરૂ કરવો પડશે...

સ. ક્યાંથી શરૂ કરવું એ જ ખબર નથી પડતી.

શ્રુતજ્ઞાનથી જ શરૂ કરવાની જરૂર છે. ત્યાં જ અટકી પડ્યું છે. પંદર કલાકનો સ્વાધ્યાય કરતા નથી, ત્યાંથી જ અટકી પડ્યું છે. જે દિવસે પંદર કલાકનો સ્વાધ્યાય ન થાય એ દિવસે પાંચ દ્રવ્યથી વધારે દ્રવ્ય વાપરવાં નહિ-આટલો નિયમ આપી દઉં? આમાં કાંઈ કોઈને ભૂખ્યા-તરસ્યા મરવું પડે એવું નથી.

આજે તો મારે જ આ નિયમ લેવાની જરૂર છે. આપણા પગ ઉપર કુહાડો મારીએ તો બીજાને કહેવાની જરૂર નહિ રહે. આપણા આચારથી જ સામેનો સુધરી જાય. ગમે તે રીતે પણ કંઈક નિર્ણય કરીને અહીંથી ઊઠવું છે. ગૌતમસ્વામી મહારાજની કેવળજ્ઞાનપ્રાપ્તિના આ દિવસે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે કાંઈક પ્રયત્ન કરી લેવો છે. જે પુરુષાર્થ મંદ પડતો ગયો છે તેને વેગ આપવા માટે તૈયાર થવું છે.

સ. 'દોષો નાબૂદ ભલે ન થાય પણ વધવા તો ન જ જોઈએ'.. એમ જે કહ્યું, તે માટે કયો પુરુષાર્થ કરવો જોઈએ?

પંદર કલાકનો સ્વાધ્યાય કરે તેનો એક પણ દોષ ન વધે. આજુબાજુ ગમે તે થતું હોય આપણું માથું ચોપડીમાંથી બહાર ન જવું જોઈએ. ઓફિસમાં કામ કરનારા, બહાર ગમે તેવો ઝઘડો ચાલ્યો હોય તોય કામ મૂકીને બહાર ન જાય, અમારા ધર્માત્માઓ તો ચરવળો લઈને ફરવા નીકળી પડે. સાધુધર્મની પરિભાવના આ રીતે કરીને આવે તેવાઓ અહીં આવીને સ્થિરતા ક્યાંથી પામે? સોનાચાંદીની દુકાનમાં બે દિવસ સુધી ઘરાક ન આવે તોપણ દુકાન બંધ કરીને જતા નથી કે બહાર ફરવા નીકળી પડતા નથી. કારણ કે આશા અમર છે, માટે જ ખસતા નથી. આપણી આશા મરી પરવારી લાગે છે! મોક્ષ જોઈતો નથી, કેવળજ્ઞાન જોઈતું નથી માટે જ પુરુષાર્થ કરતા નથી અને શાંતિથી બેસી રહ્યા છીએ !

આજના દિવસે ગૌતમસ્વામી મહારાજાને યાદ કરવા છે તે અનંતલબ્ધિના નિધાન તરીકે નથી કરવા. પહેલાં

દ્વાદશાંગીના જ્ઞાતા બન્યા પછી અનંતી લબ્ધિના નિધાન બન્યા-એ યાદ રાખવાની જરૂર છે. શ્રુતજ્ઞાનની પરિપૂર્ણતા પામ્યા પછી લબ્ધિને પામ્યા છે. અને એ અવસ્થામાં પણ કેવળજ્ઞાનનો પુરુષાર્થ ચાલુ હતો. આજે તો બાપાને દીકરા સાથે પાઠશાળામાં ભણવા આવતાં શરમ આવે. ગૌતમસ્વામી મહારાજને સ્વાધ્યાય કરવા બેસવામાં શરમ ન' તી આવતી. પોતાના શિષ્યોને કાયમ માટે વાચના આપ્યા કરતા. જેને ગુણનું અર્થીપણું હોય તેને ગુણ ન મળે ત્યાં સુધી પુરુષાર્થ કરવામાં શરમ નથી આવતી. આજે મોટેભાગે મોક્ષની કે કેવળજ્ઞાનની ઈચ્છા મરી પરવારી છે એટલે એનો પુરુષાર્થ દેખાતો નથી.

સ. મોક્ષનું સ્વરૂપ નજર સામે નથી આવતું એના કારણે શું ઈચ્છા મરી ગઈ છે?

મોક્ષનું સ્વરૂપ નજર સામે નથી આવતું તેના કારણે જ જો ઈચ્છા મરી પરવારી હોય તો હવે નાસ્તિકશિરોમણિ થયા એમ માનવું પડશે. જો મોક્ષનું સ્વરૂપ નજર સામે ન હતું તો દીક્ષા શા માટે લીધી-એ પૂછવું પડશે. જો મોક્ષમાં જવાની ઈચ્છા ન હતી તો દીક્ષા લેવાની પણ જરૂર ન હતી.

સ. તો પછી મોક્ષની ઈચ્છા શેના કારણે નાશ પામી?

મોક્ષ મેળવવો હોય તો કષ્ટ વેઠવું પડે છે. મોક્ષની ઈચ્છાથી સાધુપણું લીધા પછી પણ એ સાધુપણામાં કષ્ટ પડવા માંડે, અસહ્ય દુઃખો વેઠવાં પડે એટલે એ ઈચ્છાનો જ નાશ કરી દીધો. મહેનત કરવી નથી માટે મોક્ષની ઈચ્છા મરી પરવારી છે.

એના કારણે સાધુપણાનું ઉઠમણું કરી નાખ્યું છે. તમારે ત્યાં પણ ઉઠમણાં શેમાંથી થાય છે? મહેનત કર્યા વગર કમાવવાની વૃત્તિમાંથી તો ઉઠમણાં થાય છે. જમીન વેચીને પૈસા શેરમાં નાખે અને પછી કાગળિયાં થઈ જાય એટલે પોકેપોકે રડવાનો વખત આવે. એના બદલે મહેનત કરી હોત તો શાંતિથી બે રોટલા ખાવા પામત. મજૂરી કરીને કમાય તેને કદી ઉઠમણાનો પ્રસંગ જ ન આવે. મહેનત કરે તેને રોટલાની તકલીફ નથી પણ વગર મહેનતે કરોડો જોઈએ તેવાની તો આ જ હાલત થાય. આજે દુઃખ કોઈને વેઠવું નથી, પુરુષાર્થ કોઈને કરવો નથી અને રાતોરાત કેવળજ્ઞાન જોઈએ છે, આ તે કાંઈ આપણા બાપાની મિલકત નથી કે વારસામાં મળે ! ગૌતમસ્વામી મહારાજાને પણ ૩૦ વરસની સાધનાના અંતે કેવળજ્ઞાન મળ્યું છે. એક ભગવાન પ્રત્યેનો વ્યક્તિરાગ જ કાઢવાનો બાકી હતો, બીજો તો બધો પુરુષાર્થ પૂરો થઈ ગયો હતો.

સ. ગૌતમસ્વામી મહારાજનો રાગ તો પ્રશસ્ત હતો ને?

સ્નેહરાગ કોઈ દિવસ પ્રશસ્ત ન હોય-ગુણાનુરાગ હોય તો તેને પ્રશસ્ત રાગ કહેવાય. ભગવાને પોતે કહ્યું હતું કે ગૌતમસ્વામી મહારાજને પોતા પ્રત્યે સ્નેહરાગ હતો, તેના કારણે જ તેમનું કેવળજ્ઞાન અટક્યું હતું. ભગવાન પ્રત્યેના ગુણાનુરાગના કારણે કેવળજ્ઞાન અટક્યું છે-એવું ન' તું કહ્યું. ગૌતમસ્વામી મહારાજાનો રાગ તો ખરાબ જ હતો, માત્ર તેનું પાત્ર પ્રશસ્ત હતું. પ્રશસ્તપાત્રના કારણે જ રાગ પ્રશસ્ત નથી બની જતો.

આશય પ્રશસ્ત હોય તો રાગ પ્રશસ્ત કહેવાય. સોનાના પાત્રમાં દારૂ ભરવામાં આવે તો તેનાથી તે દારૂ સારી નથી બની જતી. તેમ પ્રશસ્ત વ્યક્તિ પ્રત્યે રાગ કરવાના કારણે તે રાગ પ્રશસ્ત નથી બની જતો. ગુણને રોકી રાખે તે રાગ પ્રશસ્ત ન કહેવાય. ગુણને લાવી આપે તે રાગ પ્રશસ્ત કહેવાય. આપણે તો અત્યારે એ વિચારવું છે કે એક રાગને દૂર કરવાનો બાકી હતો પણ બીજી બધી સાધના અપ્રમત્તપણે કરતા હતા. રોજ એકાસણાં કરે તોય ચાલે એવું હતું છતાં છઠના પારણે છઠ ચાલુ રાખ્યા. સમસ્ત સાધના-જીવનમાં પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂકવા જેટલો પણ પ્રમાદ સેવ્યો નથી, ક્યાંય અપવાદનું આચરણ નથી કર્યું. માત્ર, પોતાને ભગવાન પ્રત્યેનો રાગ છે-તે કાઢવો છે-એવો વિચાર જ ન હતો. રાગ કાઢ્યા વગર કેવળજ્ઞાન પામવા માટે મહેનત કરી, એટલે આટલો વિલંબ થયો હતો, પુરુષાર્થની ખામીને લઈને નહિ. અને રાગ પણ કાઢવા માટે મહેનત કરી નહિ માટે ગયો ન હતો. જે વખતે પોતાના રાગની ભયંકરતા જણાઈ એ જ ક્ષણે રાગને દૂર કરી દીધો. ભગવાનની પ્રત્યે એકપાક્ષિક સ્નેહ કર્યો હતો, તેને ધિક્કાર્યો તો વીતરાગ બની ગયા. જે વસ્તુ જ્યાં રાખવાની જરૂર ન હતી ત્યાં રાખી એ ભૂલ સમજાઈ ગઈ તો કેવળજ્ઞાન ક્ષણમાં થઈ ગયું. આજે પોતાની ભૂલ સમજવા માટે રાજી હોય એવા કેટલા મળે? ભગવાને પોતે કહ્યું હતું કે 'તને મારી પ્રત્યે રાગ છે.' ત્યારે એ પોતાને ન સમજાયું અને એ જ વસ્તુ; ભગવાન ગયા તો તરત સમજાઈ ગઈ. અને વાત પણ સાચી છે કે સારા પાત્રનો રાગ સારું પાત્ર ગયા પછી જ જાય.

વ્યક્તિની હાજરીમાં પણ રાગ જાય ખરો, પણ તે ક્યારે? વ્યક્તિ ખરાબ છે એવો અધ્યવસાય જાગે તો. અને સર્વગુણસંપન્ન એવા વીતરાગપરમાત્મા માટે એવું તો કોઈ સંયોગોમાં બને એવું ન હતું. માટે જ ભગવાનના ગયા પછી ભગવાન પ્રત્યેનો સ્નેહરાગ પણ ગયો અને કેવળજ્ઞાન પામ્યા.

ગૌતમસ્વામી મહારાજના કેવળજ્ઞાનના આ દિવસે તેમની ત્રીસ વરસની સાધનાને યાદ કરીને આપણે આપણા પુરુષાર્થને વેગ આપવો છે. ગુણ મળે કે ન મળે, દોષનો ઢગલો ન થવો જોઈએ. આપણી ઈચ્છા મરી ગઈ છે એને તપાસવા માટેનું એક જ લિંગ બસ છે કે આપણી પ્રવૃત્તિ જ અટકી પડી છે.

સ. એટલે ઈચ્છાને જિવાડવા માટે પણ પુરુષાર્થ ચાલુ રાખવાની જરૂર છે, એમ જ ને?

ઈચ્છાને જિવાડવા માટે નહિ પણ ઈચ્છાને જીવતી રાખવા માટે પુરુષાર્થ ચાલુ રાખવો છે. ઈચ્છાને જિવાડવાની વાત આવે એટલે જાણે બીજાની ઈચ્છાને જીવતી રાખવાની વાત લાગે. અથવા પરાણે ઈચ્છાને જીવતી રાખવાની વાત આવે. આપણે બીજાની ઈચ્છાને જિવાડવી નથી અને આપણી ઈચ્છાને પણ પરાણે નથી જિવાડવી. આપણી પોતાની ઈચ્છાને જીવતી રાખવા માટે, પુરુષાર્થ અટકી ન જાય તેની સતત કાળજી રાખવી છે. તેના માટે ઉપર જણાવ્યા મુજબ શ્રુતજ્ઞાનથી-પંદર કલાકના સ્વાધ્યાયથી-શરૂઆત કર્યા વગર નહિ ચાલે. આપણી ઈચ્છાને

જીવતદાન આપવું હશે, આકાશમાં પણ એ ઈચ્છાને જીવતી કરવી હશે તો આટલું તો કરવું જ પડશે-પાંગળો તો પાંગળો પણ પુરુષાર્થ ચાલુ રાખવો છે-સુષુપ્ત અવસ્થા હશે તોય વાંધો નથી કેમ કે ગમે ત્યારે જગાડી શકાય, પણ મૃત અવસ્થા નથી જોઈતી. ગૌતમસ્વામી મહારાજનું નામ લઈને આજે આટલું કામ કરવું છે. સિદ્ધિના ટોચના સ્થાને બિરાજમાન થયા પછી કેવળજ્ઞાન માટેનો પુરુષાર્થ જે રીતે ચાલુ રાખ્યો હતો, તે ગુણ મેળવવો છે. આવો ગુણ તો એ એક જ મહાત્મા પાસે જોવા મળ્યો છે. સાધનને કામે લગાડીએ અને સાધન સાધ્યને આપે તો સાધનની કિંમત છે.

આપણે જાતે આ માર્ગે ચાલવા માટે જ આટલું કહ્યું છે. કોઈની ટીકા કે ટિપ્પણ કરવી નથી. લોકો કેટલા પાછળ છે, હું કેટલો આગળ છું, આ લોકોને તો ગુણોની કશી પડી જ નથી.. એવું બધું કશું કરવાની જરૂર નથી. એ બધો ફાંકો કાઢી નાખવાનો. બસ ! ગૌતમસ્વામી મહારાજાની જેમ આપણા પુરુષાર્થને કામે લગાડીને આપણે પણ કેવળજ્ઞાન પામવાની દિશામાં વળીએ તો આપણું આજનું કામ પૂરું થઈ જાય છે.

★★★